॥ સ્વામિશ્રીજી ॥

Anoopam Mission


# બ્રહ્મનિર્ઝર

જે બ્રહ્મને જાણે તે પરમને પામે

ડિસેમ્બર ૨૦૨૪ ✻ વર્ષ ૩૯ ✻ અંક ૯




"આ મૂળજી શર્મા અનંત કોટિ મુક્તો સહિત
અમને ધારી રહેલા સાક્ષાત્ અક્ષરધામ છે.
તેઓને દીક્ષા આપતાં અમને અત્યંત આનંદ થાય છે."


~ ભગવાન શ્રી સ્વામિનારાયણ

ડભાણ, વિક્રમ સંવત ૧૮૬૬, પોષ શુક્લ પૂર્ણિમા

અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીની દીક્ષાતિથિ

# યોગીઆજ્ઞા મંત્રદીક્ષા દિન

**વૈશાખ, કૃષ્ણ પક્ષ નવમી, વિક્રમ સંવત ૨૦૨૨**
**શનિવાર, ૧૪ મે ૧૯૬૬, અમદાવાદ**



**“હે જશુભાઈ સાહેબ !**

**તમને બધાને સાધુ કરવા છે.**

**માટે, સંસારમાં જશો નહીં. તમને ભગવાં વસ્ત્ર નથી આપવાં, પણ આનાં આ કપડે સાધુ બનાવવા છે.**
**તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે !”**

**~ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ શ્રી યોગીજી મહારાજ**

# યોગીઆજ્ઞા મંત્રદીક્ષા દિન હીરક જયંતી મહોત્સવની જય !

**વિક્રમ** સંવત ૨૦૮૧ના પોષની શુક્લ પૂર્ણિમાએ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીજીની ૨૧૫મી દીક્ષાતિથિનો આપણે ઉમંગસભર ભક્તિઉત્સવ ઊજવીશું. ગુજરાતના રળિયામણા અને તીર્થધામ વડતાલના પાવન પ્રદેશ ચરોતરમાં આવેલા ડભાણ ગામમાં મહાયજ્ઞ કરી સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે શ્રી મૂળજી શર્માને ભાગવતી દીક્ષા આપી તેઓનું શ્રી નિર્ગુણાનંદ સ્વામી નામકરણ કર્યું. તે પ્રસંગે મહાયજ્ઞ સભામાં સર્વ પ્રથમવાર શ્રીજી મહારાજે શ્રી નિર્ગુણાનંદ સ્વામીની ગુણાતીત સ્થિતિનાં અને તેઓના દિવ્ય સ્વરૂપનાં મહિમાદર્શન કરાવતાં કહ્યું, "આ મૂળજી શર્મા અનંત કોટિ મુક્તો સહિત અમને ધારી રહેલા સાક્ષાત્ અક્ષરધામ છે. તેઓને દીક્ષા આપતાં અમને અત્યંત આનંદ થાય છે."

માનવજાતના આધ્યાત્મિક ઈતિહાસમાં ગુણાતીત શ્રી નિર્ગુણાનંદ સ્વામીજીની ભાગવતી દીક્ષા એ અદ્વિતીય આધ્યાત્મિક મહામંગલકારી પ્રસંગ છે. પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ તત્ત્વ સાકાર માનવરૂપમાં પ્રગટ હોય અને પોતાના પ્રગટપણાને શાશ્વત ગણાવી સ્વયં જેમના દ્વારા સદાકાળ માટે સાકાર રૂપે પ્રગટ છે અને રહેશે તેવા પોતાના અખંડ અક્ષરધામની સ્પષ્ટ શબ્દોમાં ઓળખાણ કરાવવાની આ દિવ્ય ઘટના અજોડ, અદ્વિતીય, અદ્‌ભુત અને પરમ આધ્યાત્મિક ઉત્ક્રાંતિના આરંભની દ્યોતક હતી. આ પ્રસંગ પછી તો અનેક વખત, ઉદાહરણ તરીકે, સારંગપુરમાં શ્રી રાઠોડ ધાધલના નિવાસસ્થાને ફૂલદોલ ઉત્સવ દરમિયાન, પંચાળામાં શ્રી ઝીણાભાઈના દરબારમાં, તીર્થધામ વડતાલમાં, અને ગઢપુરમાં શ્રીજી મહારાજે શ્રી ગુણાતીતાનંદ સ્વામીનાં મહિમા-દર્શન કરાવતાં કહ્યું છે કે, 'આ સાધુ તો મૂળ અક્ષરમૂર્તિ છે... ગુણાતીત છે... તેઓએ અમારી મૂર્તિને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એમ ત્રણેય અવસ્થામાં અખંડ ધારી છે... ગુણાતીતાનંદ સ્વામી તો અમારે રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે !' અનાદિ મહામુક્તરાજ શ્રી ગોપાળાનંદ સ્વામીએ પણ શ્રી ગુણાતીતાનંદ સ્વામીને સાક્ષાત્ અક્ષરબ્રહ્મરૂપે ઓળખાવી સંતો-ભક્તો સન્મુખ તેઓના અપાર મહિમા અનેકવાર ગાયા છે. ભગવાન પોતાના અક્ષરધામ સહિત આ પૃથ્વી ઉપર મનુષ્ય સ્વરૂપમાં સાકાર રૂપે સદાય પ્રગટ છે, તે શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના સિદ્ધાંતને શ્રીજી મહારાજે અનેક પ્રસંગે અને પોતાનાં વચનામૃતોમાં ઉપદેશ સ્વરૂપે પણ ઉદ્‌ઘોષિત કર્યો છે.

અક્ષરબ્રહ્મ સહિત શ્રી પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મનાં અદ્વૈય તત્ત્વ શ્રી અક્ષરપુરુષોત્તમના પ્રગટ સ્વરૂપ રૂપે આ પૃથ્વી ઉપર સદાકાળ પ્રગટ રહ્યાં છે. એ જ પરંપરામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ શ્રી યોગીજી મહારાજે ભારતીય અધ્યાત્મમાં જાણે કે દ્વિતીય આધ્યાત્મિક ઉત્ક્રાંતિ આણતા હોય તેવા આજ્ઞામંત્ર આપી ૧૯૬૬ની ૧૪મી મે, શનિવારે અમદાવાદમાં બ્રાહ્મમુહૂર્ત સમયે પચ્ચીસ વર્ષના યુવાન જશભાઈને કહ્યું, "હે જશુભાઈ સાહેબ ! તમને બધાને સાધુ કરવા છે. માટે, સંસારમાં જશો નહીં. તમને ભગવાં વસ્ત્ર નથી આપવાં, પણ આનાં આ કપડે સાધુ બનાવવા છે. તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે !" આ પાંચ મહાવાક્યોએ – અને તેમાં પણ "તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે..." મહાવાક્યે તો ભારતીય સંન્યાસ પરંપરામાં અને આધ્યાત્મિક સાધનામાં એક નૂતન યુગનો આરંભ કર્યો.

પૃથ્વી પર આધ્યાત્મિક ઉત્ક્રાંતિની આ મહાઘટનાને ૨૦૨૫ની પોષીપૂર્ણિમાએ હીરક જયંતી વર્ષ આરંભ થઈ રહ્યું છે. યોગીઆજ્ઞા મંત્રદીક્ષા મહાપર્વની આ હીરક જયંતી ઊજવવાના અને બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના આજ્ઞામંત્ર "તમારાં સૌનાં હૃદય ભગવાં કરવાં છે..."ને જીવન બનાવવા આપણાં સૌનાં ઉમંગ અને ભક્તિ આજે સહજ જ અત્યંત ઉત્કટ છે. ગુરુદેવ યોગીબાપાની કૃપા, સંકલ્પશક્તિ અને આશીર્વાદથી સંતભગવંત સાહેબજી અને પૂજ્ય અશ્વિનદાદા, પૂજ્ય શાંતિદાદા સહિત આપણા મૂળ આઠ સદ્‌ગુરુઓ દ્વારા યોગીઆજ્ઞા મંત્ર સાકાર થયો. અને, આજે તો શ્રીમદ્ ભગવદ્ ગીતા સહિત ભારતીય આધ્યાત્મિક શાસ્ત્રોમાં વર્ણવેલી પરમ દિવ્ય ગુણાતીત સ્થિતિ પ્રાપ્ત કરવા શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના માર્ગે એક સ્વાશ્રયી, નિષ્કામ કર્મયોગી સાધનાનો માર્ગ પણ સ્પષ્ટ અને સુફલ રીતે પ્રશસ્ત થયો છે. પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજી રૂપે આજે શ્રી અક્ષરપુરુષોત્તમનું અદ્વય દિવ્ય તત્ત્વ આ પૃથ્વી ઉપર મનુષ્યરૂપે પ્રગટ છે. તેઓમાં જીવની પ્રીતિ વાવી, આત્મબુદ્ધિ અને નિર્વિકલ્પ નિશ્ચય સહિત સમ્યક્ નિર્દોષભાવે જોડાઈ, તેઓની આજ્ઞાને પાળી, જીવનનાં પ્રત્યેક વિચાર, વાણી, વર્તન ભગવાનને, ભગવાનના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીને રાજી કરીએ તો આપણાં હૃદય ભગવાં કરવા રૂપી યોગીઆજ્ઞા મંત્ર આપણાં સૌનાં જીવનમાં સહજ સુફલ અને સાકાર થઈ શકે. અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામીજીએ પોતાની વાતમાં કહ્યું છે તે પ્રમાણે 'આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે...' માટે, આળસ, પ્રમાદ અને ગાફલાઈ છોડી, આ સમયનું મૂલ્ય સમજી આપણાં જીવન યોગીઆજ્ઞા મંત્રના સાકાર વાહક બની રહે તેવી જાગ્રતતા સહિત સતત પ્રાર્થના કરતા રહીએ. યોગીઆજ્ઞા મંત્રદીક્ષાની આ સાચી હીરક ઉજવણી ગણાશે. ◆

~સા.શ્રે...

~ સાધુ મનોજદાસ



॥ સ્વામિશ્રીજી ॥

સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**નૂતનવર્ષ આશીર્દાન, મંગલમિલન સભા,**
**૨ નવેમ્બર ૨૦૨૪, 'વર્ણીકુંજ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**નવા** વર્ષના પ્રારંભે શ્રી ઠાકોરજીનાં દર્શન સાથે સદ્ગુરુ સંતોના આપણને રૂડા આશીર્વાદ પ્રાપ્ત થયા, એ ભગવાનની કૃપા ! એવા સૌ કૃપાવાળા, ભાગ્યશાળી, નસીબદાર સંતો-અક્ષરમુક્તો સર્વનું ૨૦૮૧નું નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે ત્યારે ભેગાં મળીને પ્રભુચરણે પ્રાર્થનાઓ કરીએ કે, શરૂ થતું આ નવું વર્ષ સર્વને તન, મન, ધન, આત્માથી સર્વ પ્રકારે સુખિયા બનાવે ને વિશેષ સૌનું જીવન ભક્તિમય બની રહે એ માટે નવા વર્ષના સંકલ્પોનું અનુસંધાન રાખીને જીવન જીવીએ અને ના જિવાય ત્યાં જીવનને મઠારતા જઈએ.

આ સંગીતવાળા વાજિંત્રો વગાડે તે પહેલાં તેને મઠારતા હોય છે. તબલાંવાળા હથોડી મારે ને થપાટ મારી ચેક કરે, પછી બરાબર લાગે એટલે હથોડી મૂકી દે. હાર્મોનિયમવાળા પણ બધા સૂર ચેક કરતા હોય. તંબૂરાવાળા ચાવી ફેરવીને તાર ખેંચી સ્વર મેળવતા હોય પછી વગાડે. એમ, આપણે આપણું સમગ્ર જીવન મઠારવાનું છે. ભગવાન રાજી ના થાય એવાં વિચાર, વાણી, વર્તનમાંથી બહાર નીકળવાનું અને કેવળ ને કેવળ એક ભગવાન રાજી થાય એવા જ વિચાર, એવું જ બોલવાનું ને એવું જ વર્તવાનું ! - આ સહેલું નથી, પણ મઠારવાનું. મઠારવું એટલે ધૂન-ભજન-પ્રાર્થના કરી, પ્રભુના બળે, પ્રભુ રાજી થાય તેવું જીવન જીવવા લગની લગાડી જીવવું !

ભગવાનનો આશરો હોય, ભગવાનધારક સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય અને એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવી, એમને રાજી કરવાનો અંદરથી આલોચ હોય તો એને અંદરથી ખબર પડે જ કે, આ ખોટું વિચારાયું, આ ખોટું બોલાયું ને ખોટું વર્તાયું. આવો આશરાવાળો, નિષ્ઠાવાળો ભક્ત, સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિથી જોડાયેલો હોય ને ભગવાનને રાજી કરવાનો એને આલોચ હોય. અહીં બેઠેલા આપણે બધા ભક્તો એવા જ છીએ. એમને ખબર પડે કે, આ ખોટા વિચારો મગજમાં ચાલી રહ્યા છે.

યોગીજી મહારાજને કોઈએ પૂછ્યું, 'બાપા ! આધ્યાત્મિક પ્રગતિ ઝટ કેમ થતી નથી ? અમારામાં કેટલા બધા દોષો છે !' યોગીજી મહારાજ કહે, 'દોષોને લીધે પ્રગતિ અટકતી નથી, પણ આળસ, પ્રમાદ અને ગાફલાઈ; એ ત્રણને લીધે બધું અટકે છે.' 'આળસ' એટલે કોઈ કામ કહ્યું હોય તો કહે, 'કાલે કરીશું.' પણ કાલ તો પડે જ નહીં. કારણ કે, કાલ તો કાલ જ હોય. કામ ઠેલ્યા કરે એ આળસ. 'પ્રમાદ' એટલે કામ કરે ખરો, પણ જે વખતે જે કરવાનું હોય એ ના કરે, એ વખતે બીજું કરે એ પ્રમાદ. વિદ્યાર્થીનો સ્વધર્મ છે વાંચવાનો. તો તે વાંચે તો ખરો, પણ જે પુસ્તક વાંચવાનું હોય એ ના વાંચે, નૉવેલ વાંચે કે બીજું વાંચે. અને 'ગાફલાઈ' એટલે બેદરકારી. કામ કરે ખરો, પણ પીરસવાનું કીધું હોય તો દાળ ઉડાડી બે-ચાર જણનાં કપડાંય બગાડી નાખે, આજુબાજુનાં બે વાસણ ભાંગી પણ જાય. પીરસે છે ખરો, પણ બેદરકારી. એટલે ભક્તોને માટે આળસ, પ્રમાદ ને ગાફલાઈ એ ભગવાનને રાજી કરવામાં વિઘ્નરૂપ છે. આ દોષથી મુક્ત થઈશું તો ભગવાન ભજવામાં સહાયરૂપ થશે. તો આળસ, પ્રમાદ ને ગાફલાઈ છોડી ધ્યાન રાખીએ કે, મારે ભગવાનને રાજી કરવા જ છે.

યોગીજી મહારાજ કહેતા, 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ, મૂળ વગરનું ધોકડું, ઢળી પડશે ઢબ, તો કરેગા કબ ?' ઝાડને મૂળ છે,

મકાનને પાયો છે, પણ આ શરીરને કશુંય નથી. એટલે 'હું કાલે કરીશ' એમ નહીં, આજે જ કર. ભજન, પ્રાર્થના કે ભગવાનને રાજી કરવાની, સેવા કરવાની જે ભાવના હોય તેવું કાર્ય તત્કાળ કરવું. ભગવાનને રાજી કરવાનો આલોચ છે, તો વિચાર, વાણી ને વર્તન મઠારતા જવું. આ નવા વર્ષે આપણે પ્રાર્થનાઓ કરીએ કે, ભગવાન રાજી ના થાય એવા વિચારોમાંથી નીકળવા માટે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજનનો શ્રેષ્ઠ ઉપાય લઈએ.

મકાનો, સ્કૂલો અથવા તો જાહેર મિલકતો પાસે આગ શમાવવા માટેનાં સાધનો હોવાં જ જોઈએ. આપણે ગુજરાતીમાં કહેવત છે કે, 'આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.' આગ લાગે ત્યારે પાણી તૈયાર હોવું જોઈએ. એમ, પ્રસંગ બને ત્યારે ધૂન થાય એ વાતમાં માલ નથી. એટલે રોજ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરવાની પ્રૅક્ટિસ હોય તો કંઈ પણ થાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... થાય.

હું નાનો હતો ત્યારે ઘણાં બહેનોને મેં નિયમ લેતાં જોયાં છે. પાણી પીતાં પહેલાં કહે, 'સ્વામિનારાયણ ?' એટલે સામે કે નજીકમાં જે હોય એણે 'સ્વામિનારાયણ' બોલવું પડે. સામેવાળા 'સ્વામિનારાયણ' બોલે તો તેઓ પાણી પીવે. જમવું હોય તો કહે, 'સ્વામિનારાયણ ?' સામે કોઈ 'સ્વામિનારાયણ' બોલે તો ખાય. પળેપળ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...થાય. આવા નિયમો લેવા જોઈએ, જેમાં આપણા પ્રભુની-ગુરુની સ્મૃતિ થાય.

અત્યારે ઍડવાન્સમૅન્ટ બહુ થયું. અમે લોકો ગામડાંમાં રહેલા, ગામડાંની અમુક પદ્ધતિ શીખવા જેવી હતી. નવા વર્ષે-બેસતા વર્ષે સવારે પાંચ વાગ્યે લોકો નાહી-ધોઈ તૈયાર થઈ જાય અને ઘરેથી નીકળી પડે. ગામડાંનાં લોકો પહેલાંમાં પહેલાં જે ભગવાનને માનતા હોય એ મંદિરે જઈ, દર્શન કરી, ધૂન-પ્રાર્થના કરે. રસ્તામાં જે મળે એને ગળે લગાવી 'જય સ્વામિનારાયણ', 'જય શ્રી કૃષ્ણ', 'જય શ્રી રામ' કહે. ઊંચ-નીચ, નાનો-મોટો, બાઈ-ભાઈ કે મિત્ર-દુશ્મન - જિંદગીભર ના બોલતા હોય પણ બેસતા વર્ષના દિવસે એકબીજાંને ભેટીને ખૂબ પ્રેમથી મળે. દુશ્મની, વેર-ઝેર, ઊંચ-નીચ, ભેદભાવ બધું ભૂલી જાય. અમારા વખતમાં ગામડાંમાં એવું કહેવાતું કે, 'તમારો બેસતા વર્ષનો દિવસ જેવો જશે એવું તમારું આખું વર્ષ-૩૬૫ દિવસ જશે.' એટલે બધાં આનંદમાં જ હોય. કોઈનો કોઈ ખોટો વિચાર નહીં, કોઈની કોઈ ખોટી વાત નહીં, કોઈની નિંદા નહીં. ખાઈ-પીને, વેર-ઝેર ભૂલીને સૌ આનંદ કરે. અંદરથી ઉમળકો હોય કે, આખું વર્ષ આનંદમાં રહેવા માટે મારે આજે એક દિવસ આનંદમાં રહેવું છે.

આ વસ્તુ ભગવાનને આપણને શિખવાડવી છે કે, ચોવીસ કલાક ને બારેય મહિના આનંદમાં રહેવું હોય તો આપણાં વિચાર, વાણી ને વર્તનમાં પ્રભુ લાવવા છે, પ્રભુ રાખવા છે. 'પ્રભુ રાખવા છે' એટલે ? પ્રભુ રાજી ના થાય એવા કોઈ વિચારને મારામાં સ્થાન ના હોય. પણ તે આપણા હાથની વાત નથી, વિચાર થઈ જાય; પણ આપણે ભગવાનના કૃપાપાત્ર છીએ તો વિચાર પકડાશે. ત્યારે કરવાનું શું ? મૂંઝાવું નહીં, અકળાવું નહીં, દુઃખી ના થવું, ડિપ્રેસ ના થવું; પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. મારા-તમારા વિચારો કરતાં ભગવાન મોટા છે, માટે ભગવાનને સંભારીએ એટલે એવા વિચારો ભાગે. કંઈ ખોટું બોલાઈ જાય પછી આપણને રિયલાઈઝ થાય કે ખોટું બાફી માર્યું. ત્યારે ઘણાં મૂંઝાઈ જાય ને એમાં કલાકોના કલાકો બગાડે. આ કંઈ રીત નથી. પણ એકાંતમાં જઈને ૐ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરે તો યાદ રાખો, નકારાત્મક આસુરી ભાવો ઊભી પૂંછડીએ ભાગશે.

આ આખું વર્ષ આપણે આળસ, પ્રમાદ ને ગાફલાઈ છોડીને ભગવાનને રાજી કરવાના ભાવથી જીવન જીવવાનો, વિચાર, વાણી ને વર્તન કરવાનો સંકલ્પ કરીએ; તો આ એક વર્ષમાં આપણા જીવનમાં આપોઆપ ફેરફાર થશે, અકલ્પનીય બદલાઈ જવાશે. યાદ રાખો, સ્વામિનારાયણ ભગવાને મને-તમને-સર્વને ખાધે-પીધે, કપડે-લત્તે કરીને તો સુખી કર્યાં છે ! અહીં

ભજન, પ્રાર્થના કે ભગવાનને રાજી કરવાની,
સેવા કરવાની જે ભાવના હોય તેવું કાર્ય તત્કાળ કરવું.
ભગવાન રાજી ના થાય એવા વિચારોમાંથી નીકળવા માટે
સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...
ભજનનો શ્રેષ્ઠ ઉપાય લઈએ.





**આળસ, પ્રમાદ ને ગાફલાઈ છોડીને ભગવાનને રાજી કરવાના ભાવથી જીવન જીવવાનો, વિચાર, વાણી ને વર્તન કરવાનો સંકલ્પ કરીએ.**

બેઠાં છે એમાં કોઈને એની તકલીફ નથી. હવે તકલીફ છે દેહભાવની. નાની નાની બાબતોમાં ફરિયાદ કરીએ છીએ, એમાંથી બહાર કાઢી, કાળ, કર્મ ને માયા ઊભી પૂંછડીએ ભાગે એવા આપણને સિંહ બનાવવા છે. આપણા ભગવાન હાથ ઊંચો કરીને આશીર્વાદ આપતા દર્શન આપે છે, એ અભયકર છે ! હે મારા ભક્તો, તમે મારા આશ્રિત છો, તો 'નિર્ભય' એટલે ભયથી ડરે નહિ-એમ નહીં, પણ, 'અભય' – તમને જીવનમાં ભય જેવું જ ના રહે, ડર જેવું જ ના રહે, તમારાં જીવન એવાં બનાવવાં છે.

વર્ષો પહેલાં અમેરિકાના બફેલો ઍરપૉર્ટ પર હું, શાંતિભાઈ, વાસુભાઈ ને બધા ઊતર્યા ત્યારે ત્યાં ઘનશ્યામભાઈ અને એમનાં વાઈફ લેવા આવેલાં. તેઓ સાથે અમે કારમાં જતા હતા. ઘનશ્યામભાઈ મને કહે, 'આપણે મૉટેલ પર ઊતરીએ કે ઘરે ઊતરીએ ?' એમણે બહુ મોટું ઘર લીધેલું. મેં કહ્યું, 'કેમ તમે એવું પૂછો છો ? તમે ક્યાં રહો છો ?' ત્યારે કહે, 'અમે નવું ઘર લીધું છે, સરસ મોટો બંગલો છે, પણ અમે ત્યાં રહેવા ગયાં ત્યારે આજુબાજુવાળાં કહે કે, 'આ ઘરમાં ભૂત છે અને રાત્રે બે વાગ્યે કડાકા-ભડાકા કરીને આવે છે.' અને મારી વાઈફે રાત્રે એવા કડાકા-ભડાકા સાંભળ્યા એટલે એ તો ગભરાઈ ગઈ, એટલે અમે બંગલો છોડીને મૉટેલમાં રહેવા જતાં રહ્યાં છીએ. એટલે આપણે મૉટેલ પર જઈએ ?' તો મેં કહ્યું, 'ના, બંગલે ભૂત છે ત્યાં જ જઈએ. અને જે રૂમમાં ભૂત આવે છે તે રૂમમાં જ હું સૂઈ જઈશ. મને એક કોકાકોલાની ખાલી બૉટલ આપજો. રાત્રે ભૂત આવે તો એ બૉટલમાં ભૂતને પૂરી દેવો છે અને એને ઍલનટાઉન મંદિરે વાસણ અજવાળવા લગાવી દેવો છે.' અમે ત્યાં ગયા અને હું તો રાત્રે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... માળા ફેરવતો હતો. ભૂતની મજાલ છે કે આવી શકે ! એને પણ ખબર પડી ગઈ કે, આ ભાઈ માળા લઈને બેઠા છે એટલે આજે મને બૉટલમાં ઉતારી દેશે.

કંઠી એટલે પહેરવાની. કંઠી એ પ્રૉટેક્શન છે. અનિષ્ટ તત્ત્વો તમારી નજીક નહીં ઢૂંકે. પરદેશમાં ઘણી વખત બૉર્ડ માર્યું હોય-'This house is protected by the security company.' પછી એ ઘરમાં ફાસફુસિયા ચોરો તો જાય જ નહીં, કારણ કે તરત પૉલીસ પકડી જાય. પ્રૉટેક્શન ના હોય એવા ઘરને રસ્તે જનાર સામાન્ય ચોર પણ લૂંટી જાય, કેમ કે પ્રૉટેક્ટેડ નથી. એમ, જેમણે કંઠી ના પહેરી હોય, જેમને ભગવાનનો આશરો નથી એમને કાળ-કર્મ-માયા પણ બે થપાટ મારતાં જાય, જ્યોતિષી, વાસ્તુશાસ્ત્રી પણ થપાટ મારતાં જાય; એટલે બધે ફાંફાં મારવા કરતાં સ્વામિનારાયણ ભગવાનની કંઠી પહેરો ને !

ભગવાનનો આશરો હોય, સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય, કોઈની અમહિમા, ભાવફેર, માથાકૂટમાં ના પડતો હોય એ માણસે કોઈથી ડરવું નહીં. કાળ, કર્મ ને માયાની તાકાત નથી કે તમને દુઃખી કરી શકે, યાદ રાખો ! આપણે ભગવાનનો આશરો રાખ્યો છે, સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ છે, તેઓની આજ્ઞા પાળીએ છીએ; પણ આળસ, પ્રમાદ ને ગાફલાઈને લીધે વિચાર, વાણી ને વર્તનને ચેક નથી કરતા. અને બીજું, અમહિમા, ભારફેર, માથાકૂટ, ખટપટ, નિંદામાં આનંદ માણીએ છીએ; એટલે ભગવાન કહે, તમને આ બધાં થપાટો મારતાં જાય છે.

ગુણાતીતાનંદ સ્વામી એમની 'વાતો'માં એક વાત બોલ્યા છે કે, 'જોવા જેવા તો એક ભગવાન છે.' અત્યારે અહીં ભગવાન દેખાતા નથી, પણ આપણા ભગવાન મૂર્તિમાં-સંતમાં બિરાજમાન છે તેમ જીવ-પ્રાણીમાત્રમાં બિરાજમાન છે, સંબંધવાળા સૌમાં બિરાજમાન છે એટલે એ ભાવથી સર્વમાં ભગવાન છે, તો એ ભાવથી તેઓનાં દર્શન કરીને સૌને મળો અને પછી જોજો તમારા જીવનમાં આનંદ વધી જશે. પહેલાંમાં પહેલાં તમારા ઘરવાળા કે તમારાં ઘરવાળાંને આજથી, અત્યારથી ભગવાન સ્વરૂપે જોવાનું શરૂ કરી દો. પછી તમારી મજા જોજો ! આવું જીવન જીવવાની મજા છે. આપણે ભગવાનને મંદિરમાં મૂકીને પછી બહાર ફર્યાં કરીએ છીએ, એવું નહીં, ભગવાન ચોવીસ કલાક ને બારેય મહિના મારી સાથે જ છે, ને મારી આજુબાજુનાં પાત્રોમાં ભગવાન છે એવું માનવાની પ્રૅક્ટિસ કરવી. અને વળી, 'Perfect practice makes a man perfect.' સંતો પાસેથી જે પ્રૅક્ટિસ મળે એ પરફૅક્ટ પ્રૅક્ટિસ જ હોય, તો એ પ્રમાણે કર્યાં કરીએ. આજે સંકલ્પ કરીએ કે, 'વિચાર, વાણી ને વર્તનમાં હે પ્રભુ ! આપ રાજી ના થાવ ત્યાં અમને બતાવો ત્યારે અમે આળસ, પ્રમાદ,

ગાફલાઈ છોડીને એને મઠારતાં જઈએ એવી અમને જાગ્રતતા સાથે વર્તવાનું બળ આપજો.' આવો સંકલ્પ કરીને પ્રાર્થના કરીએ. અને આપણે બદલાવું જ છે. આપણાં પર કૃપા છે તેથી આપણને આ સંતોનો યોગ છે એટલે ભગવાનનો સાચો મહિમા આપણે સમજી શક્યાં છીએ.

શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસના જે પ્રવર્તાવી છે એ દ્વારા કલ્પનામાં ના આવે એવાં કામો થવાનાં છે, ભક્તોમાં એવાં પરિવર્તનો થવાનાં છે. માણસો હઠ, માન, ઈર્ષ્યાના ભાવો, કામ-ક્રોધાદિક દોષોને લઈને દુઃખી થયા કરે છે એમાંથી બહાર કાઢીને, માનવદેહે ભગવાનના ધામનાં સુખ, શાંતિ ને આનંદ ભોગવતા થવા માટે એવા ભગવાનધારક સાધુમાં હેત, મંદિરનો યોગ-એ બે હશે તો જ થવાશે. બેઉ વસ્તુ ભગવાને આપણને આપી છે. મંદિરમાં શ્રી ઠાકોરજી સ્વયં બિરાજમાન છે અને એ ઠાકોરજીમાં જોડે એવા સંતો આપણને આપ્યા છે. જેમના પ્રતાપે પરિવર્તન થાય છે. એટલે આપણે સંકલ્પ કરીએ કે, વિચાર, વાણી ને વર્તન દ્વારા હે પ્રભુ ! આપ રાજી થાવ એવું જીવન જીવવું છે ને એ દ્વારા આપની સુવાસ પ્રસરાવવી છે.

સત્સંગમાં અમે દેશ-પરદેશમાં ફરીએ છીએ. સત્સંગ તો એમના સંકલ્પે વધે છે, ને બધાં કામ એમની કૃપાથી થાય છે. પણ સત્સંગમાં ભક્તોનાં જીવનમાં જે પરિવર્તન થાય છે એનાં દર્શન કરીને આપણો ઉત્સાહ, ઉમંગ વધી જાય છે, આપણને બળ મળે છે. આ બધા મુક્તો સાથે રહીને આપણને આનંદ થાય કે, સત્સંગ ઘણો વધવાનો છે. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે, 'આથી કરોડ ગણો સત્સંગ થશે ને આથી કરોડ ગણાં મંદિર થાશે પણ આ વાતું ને આ કથા નહિ મળે.' માટે, આવા માનવરૂપમાં સાધુ છે એમને ઓળખી લઈને એમને વિશે હેત રાખજો. તો જેમને જેમને સંતોને વિશે-ગુરુને વિશે હેત હોય તેઓ ગુરુની આજ્ઞામાં જીવન જીવો, દિવ્યભાવ સૌમાં રાખો, પૂજ્યભાવ સૌમાં રાખો. સૌની મન, કર્મ, વચને સેવા કરો. વિચાર, વાણી ને વર્તન દ્વારા ભગવાન રાજી થાય એવું આપણે જીવવું છે. એવું જીવવા માટેનો આજે નવા વર્ષે સંકલ્પ કરીએ અને એ દ્વારા ભગવાનની સુવાસ પ્રસરાવીએ.

> ભગવાનનો આશરો હોય,
> સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ હોય,
> કોઈની અમહિમા, ભાવફેર,
> માથાકૂટમાં ના પડતો હોય
> એ માણસે કોઈથી ડરવું નહીં.

અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનાં પાંચ સ્ટેપ્સ - ભગવાન સાકાર છે, ભગવાન કર્તાહર્તા છે, ગુણાતીત સાધુ દ્વારા પ્રગટ છે, એમનામાં જોડાઈને, બે હાથ જોડી એમની આજ્ઞા પાળવી અને ભગવાનના ભક્તોની નિર્દોષભાવે મન, કર્મ, વચને સેવા કરવી; તો ભગવાન રાજી થતાં સુખિયાં સુખિયાં કરી દેશે. આ વસ્તુ આપણાં જીવનમાં વિ.સં. ૨૦૮૧ના વર્ષમાં આપણે સાકાર કરવી છે. અહીં આવ્યાં છે એ બધાં સંકલ્પ કરીએ કે, આવું જીવવા કૃતનિશ્ચયી થવું છે, ગાફલાઈ નથી રાખવી. ભગવાને આવો ચાન્સ આપ્યો, આવો સરસ દેહ આપ્યો, આવું સરસ સાનુકૂળ વાતાવરણ આપ્યું, આવા અદ્‌ભુત સાધુઓ આપણું રખોપું કરે છે, આપણને હેત-પ્રેમ કરે છે, માર્ગદર્શન આપે છે અને વળી આપણાં માટે ભજન-પ્રાર્થના કરે ! તો આવો મોકો ફરી ક્યારે મળશે ? તો આવું જીવવાનું બળ મળે એવી પ્રાર્થના !

યોગીજી મહારાજે આણંદ મંદિરે કહ્યું હતું કે, 'ગુરુની આજ્ઞામાં રહીએ એ જ સાચું દર્શન છે !' ગુરુ જે આજ્ઞા આપે એ આજ્ઞાને પાળીએ. ના પળાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરીને જીવનને મઠારતાં જઈએ. બધી આજ્ઞા પળાય જ એવું નથી. પણ, આજ્ઞા પાળવાનો સતત આલોચ રાખવાનો ને ના પળાય ત્યાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરી પ્રાર્થના કરવી. અંદરથી બળતરા રૂપી, પશ્ચાત્તાપ રૂપી ધૂન-પ્રાર્થના થાય એ આપણી પ્રગતિ કરાવે છે.

આપણે સૌ ભેગાં થઈને નૂતન વર્ષે વિચાર, વાણી ને વર્તન દ્વારા આવું જીવન જીવીએ. હે પ્રભુ ! તમે રાજી થાવ એવું અમારું જીવન બની રહે. એમાં કાંઈ પણ ભૂલચૂક થાય તો ધૂન, ભજન, પ્રાર્થનાથી મઠારતાં જઈએ. અને આપની પ્રસન્નતાનું બળ લઈને જીવન જીવી, વિ.સં. ૨૦૮૧નું વર્ષ સુખ, સમૃદ્ધિ, આનંદ, શાંતિ, સુખથી ખૂબ ભર્યુંભર્યું બની રહો, સંપ, સુહૃદભાવ, એકતા રાખી, હળીમળીને પ્રભુનાં કાર્યો કરતાં રહીએ, કુટુંબેસહિત સૌને સર્વ રીતે સુખિયાં રાખે, સૌના સૌ મનોરથ પૂરા કરે એવી પ્રભુચરણે, ગુરુચરણે પ્રાર્થનાઓ ! નવા વર્ષનાં અભિનંદન !

જય શ્રી સ્વામિનરાયણ ! ◆



# સાધુહૃદયની પ્રાર્થનાગંગા




**સ્વામી** શ્રી ગુણાતીતાનંદજી અક્ષરબ્રહ્મ
શ્રી સહજાનંદ સ્વામી એ પરબ્રહ્મ
આ બંને સ્વરૂપો સાકાર અને પ્રગટ
સદાકાળ પ્રત્યક્ષ
આપણે અનુભવવાનાં
સાથે રાખવાનાં અને માણવાનાં
આપણા વિચારોના પ્રેરક તે
આપણા વર્તનના સાક્ષી તે
વાણી તે બોલાવે તેવી
તો તે સ્વરૂપો સાથે પ્રીતિ જાણવી.
તે સ્વરૂપો સદાકાળ પ્રગટ હતાં...
આજે સાહેબમાં છે... ને સદા રહેશે
તે સ્વીકારીને પ્રતિપળ જીવવું
તે પ્રસન્ન થાય તેવું જીવવું
તે આપણી સાધના !
આપણે 'સ્વ' રહિત થયા
આપણે નિરાકાર થયા
આપણે સાકાર સ્વરૂપ સાહેબમાં લીન થયા
તે આપણી સાધનાની પૂર્ણાહુતિ સમજવી.
અખંડ સહજાનંદ રહે
અખંડ અહોભાવ રહે
મુક્તોમાં અખંડ પ્રભુદર્શન રહે
સંબંધવાળા પ્રતિ દાસત્વ રહે
સૌ નિર્દોષ અને દિવ્ય છે
સૌ સાહેબનાં જ સ્વરૂપો
સૌમાં સાક્ષાત્ શ્રી હરિ બિરાજે છે
તે ભાવે સૌ સાથે વર્તન રહે
તે સુહૃદભાવનું જીવન સમજવું.
હે સંતો... હે મુક્તો !
યોગીબાપાએ તેવા દિવ્ય હેતુસર સ્વીકાર્યા





પોતાના કર્યા ને પ્રેમપીયૂષ પાયાં
સાધનાના માર્ગે પ્રેર્યા ને પોષ્યા
સાહેબ સ્વરૂપે જતન કરતા જ રહ્યા
આજે પણ બળ પૂરે છે ને આગળ લે છે
તે પૂર્ણપણે સ્વીકારવું.

પોષની પૂર્ણિમા આવે છે.
તે આપણા અનુપમી સંતો માટે ભગવા હૃદયની સાધુતાનું પણ દીક્ષાપર્વ.
૧૪ મે આપણા માટે મંત્રદીક્ષાપર્વ.
યોગીબાપાએ સહેતુક દીક્ષા દીધી
સાહેબના શરણમાં સોંપ્યા
કાકાજી-પપ્પાજી-હરિપ્રસાદ સ્વામીજી
પ્રમુખસ્વામીજી-મહંત સ્વામીજીએ બળ પૂર્યાં
સાહેબજીના સ્વરૂપમાં જોડાવા સમજ દીધી
તેની દિવ્ય સ્મૃતિ કરીએ
બાપાના હેતુને પાર પાડીને જ જંપીએ
'સર્વના સુહૃદ બનો' તે સાહેબજીના આદેશ
તે અનુસંધાને પ્રતિપળ જીવીએ
તેવાં જીવન આપણી સાધના
તેવાં જીવન જીવી સ્વામી અને શ્રીજીને રાજી કરીએ
તે ભાવે ગુણાતીત દીક્ષાદિન ઊજવીએ
તે પ્રાપ્તિના આનંદે મ્હાલીએ...
સ્વામી અને શ્રીજી સાહેબજીમાં પ્રગટ-પ્રત્યક્ષ
તેઓને આવાં જીવન જીવીને ભેટ ધરીએ
તે આપણી ગુરુભક્તિ છે
તે આપણા દીક્ષાપર્વનો આનંદ છે !
હે દયાળુ પ્રભુ !
અમ સૌ સાધકોને...
તેવા નિર્મલ પવિત્ર ભગવા હૃદયના
સાધુજીવનની અને સાધુતાની ઝંખના છે
તે પૂર્ણ કરો... અનુગ્રહ કરો ! ◆



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

૨૧-૧૨-૨૦૧૩, બ્રહ્મજ્યોતિ, ભારત.



# અનુપમની હે અમૃતધારા...!

~ સદ્‌ગુરુ સાધુ પરમ પૂજ્ય અશ્વિનદાદા

નૂતન વર્ષ આશીર્દાન, મંગલમિલન સભા,
૨ નવેમ્બર ૨૦૨૪, 'વર્ણીકુંજ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી

**સર્વને** વિક્રમ સંવત ૨૦૮૧ નૂતન વર્ષની મંગલ પ્રભાતે અમારા સૌ સંતો વતી ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ, નૂતન વર્ષાભિનંદન, Happy New Year ને સાલમુબારક !

નવા વર્ષમાં નવી શરૂઆત કરવી હોય તો જૂનું ઘણું બધું ભૂલવું પડે અને જતું કરવું પડે. ગયું એ ગયું, વીતી ગયું એને સંભારીને વારેવારે દુઃખી થવું એના કરતાં નવું જે અત્યારે હાજર વર્તમાનકાળમાં મળ્યું છે એનું સુખ અને આનંદ માણવો. એટલે આપણાં વડીલોએ, આપણી ગુરુપરંપરાએ આપણને નવા વર્ષે સૌનેય પ્રેમથી મળવાનો અને એકબીજાંનાં અભિવાદન કરવાનો કાર્યક્રમ આપ્યો છે. આપણી પરંપરા પ્રમાણે નાનાં નાનાં બાળકો પરિવારનાં વડીલોને પ્રણામ કરે, વડીલો એમને ઘણું લાંબું જીવજો–'આયુષ્યમાન ભવ!' એવા આશીર્વાદ આપે. તો, આજે પહેલી પ્રાર્થના કરીએ કે, શ્રી ઠાકોરજી મહારાજ આપણાં સૌનુંય સ્વાસ્થ્ય સારું રાખે. તનની તંદુરસ્તીની સાથે મનની તંદુરસ્તી પણ એવી જ પ્રસન્ન રહે એવી નૂતનવર્ષની મંગલ પ્રાર્થના છે !

ગુરુહરિ સાહેબદાદાએ નવેમ્બર મહિનાની 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાના 'દીપોત્સવી અંક'માં સ્વહસ્તે, નૂતન વર્ષના નવા સંકલ્પો જણાવ્યા છે તે રીતે પણ, ગયું એ ગયું ને ના થયું તો કોઈ વાંધો નહીં, પણ સાહેબદાદાને પ્રાર્થના કરીએ કે, બધુંય માફ કરી દેજો ; અને આજે અમે આ નવા સંકલ્પ કરીએ છીએ – એટલે કે ખરેખર કમિટમૅન્ટ કરીએ છીએ. આપણાં સર્વનું સામૂહિક ઉત્થાન થાય, આપણે છીએ એ ભૂમિકામાંથી ઉપર ઊઠીએ અને ૨૦૮૧નું નવું વર્ષ જ્યારે શરૂ થતું હોય ત્યારે આપણે નૂતન અભિગમથી, નવા સંકલ્પથી – ભલે બધું જ જૂનું હોય પણ એને નવું માનીને જીવવા માટેની હોંશ અને ઉમંગ આજે આપણે કરી શકીએ અને એમ, મનમાં પડેલી જૂની ગાંઠોને ઉકેલવાનો પણ આ શુભ દિવસ છે.

ગુરુહરિ સાહેબદાદાએ કરાવેલ નૂતનવર્ષનો સંકલ્પ : **આપણે પ્રભુ પ્રસન્નતાર્થે જીવન જીવતા સૌ અક્ષરમુક્તો છીએ.**

ગુરુહરિ સાહેબદાદાએ કહ્યું કે, 'આપણે પ્રભુપ્રસન્નતાર્થે જીવન જીવતા સૌ મુક્તો છીએ.' તો, હું કોણ છું ? હું શું છું ? કોના કારણે છું ? અને હવે મારે આગળ ૨૦૮૧નું વર્ષ કેવી રીતે જીવવું ? એનો રૂડો સંકલ્પ કરવાનો પણ આજે શુભ દિવસ છે.

'તારા શરણમાં રહેવું ગમે છે. તારા ચરણમાં રહેવું ગમે છે. તારાં ગમતાંમાં જીવવું ગમે છે.' – અમને જે ગમે છે તેના બદલે હવે તમને ગમે છે તેવું અમારું જીવન બને તે માટે ભગવાનના શરણમાં દઢતાથી રહેવાનો અમે નૂતન વર્ષે સંકલ્પ કરીએ છીએ. 'તારા ચરણમાં રહેવું ગમે છે.' 'ભગવાનનું ચરણ' એ ભગવાનને અખંડ ધારીને રહેતા ભગવાનના પ્રગટ સત્પુરુષ ! આજે આપણા માટે પ્રગટ ગુરુહરિ સંતભવંત સાહેબજી એ ભગવાનનું ચરણ છે. એમના દ્વારા પ્રભુ આપણી પાસે આવીને આ પૃથ્વી પર પગલાં પાડે છે. એમણે ભગવાનને ધારણ કર્યા છે. 'સંત પૂજ્યાથી પ્રભુ પૂજાય છે' શાસ્ત્રની એ સમજણ પ્રમાણે આજે નૂતનવર્ષની મંગલ પ્રભાતે આપણે પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીનાં દર્શન અને આશીર્વાદ માટે એકત્રિત થયાં છીએ ત્યારે એમણે આપેલી આજ્ઞાઓને પણ આપણે સંભારીએ છીએ :

**૧. રોજ અડધો કલાકની ધૂન કરીશું.**

સંતો અને સૂરવૃંદની ટીમને ધન્યવાદ આપીએ કે, આજે બેસતા વર્ષના દિવસે ગુરુહરિ સાહેબદાદાએ આપેલી આ આજ્ઞાના નિયમપાલન સ્વરૂપે કાર્યક્રમની શુભ શરૂઆત જ એમણે અડધો કલાકના જપયજ્ઞ દ્વારા કરાવી. એ સંતોને લાખ લાખ વંદન ! આવું રોજ અમને સંભારતા રહેજો અને અમને ટકોરતા રહેજો કે જેથી અમે ગુરુહરિ સાહેબદાદાની પ્રસન્નતા મેળવવાનું જે બહુ સહેલું અને સરળ સાધન છે એ – અમારો વ્યક્તિગત સ્વાધ્યાય–પ્રાર્થના–ઈશ્વરસ્મરણ સાથે એમની સાથેનો એકતાર જોડવા રોજ અમારા નવા દિવસની શરૂઆત સવારના પહોરમાં ધૂન કરીને કરવાનો અમે નવા વર્ષના શુભ દિવસે સંકલ્પ કરીએ છીએ.

**૨. અઠવાડિક સત્સંગસભા કરીશું, તેમાં હાજરી આપીશું.**

ગુરુહરિ સાહેબદાદાએ પોતે જ કહ્યું છે કે, 'સભા ના થતી હોય તો પોતે શરૂ કરવી.' અને બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની સ્મૃતિ સાથે કહ્યું કે, 'આપણે એકલા હોઈએ તો થાંભલાને કથા કરીને પણ સભા કરવી.' 'સભા કરવી' એટલે કે સભામાં હાજરી આપવાનો નિયમ પાળવો. જો ગુરુવચને એક નાનો કાર્યક્રમ શરૂ થાય અને આપણે એને પ્રાધાન્ય આપીએ તો કેટલો આનંદ અને ઉત્સાહ થાય તે આપણા સૌના અનુભવની વાત છે. તો આજે નૂતનવર્ષે આપણે સંકલ્પ કરીએ કે, અઠવાડિક સત્સંગસભા નિયમિત કરીશું અને તેમાં અમે સક્રિય અને પ્રત્યક્ષપણે હાજરી આપીશું.

**૩. 'શ્રી વચનામત', 'શ્રી સ્વામીની વાતું'નો રોજ પાઠ કરીશું.**

સ્વાધ્યાય ! આ પાયાની બાબત છે. આપણે વર્ષો જૂનાં સત્સંગી છીએ, વર્ષોથી સત્સંગ કરી રહ્યાં છીએ. પણ સત્સંગ એટલે શું ? એ વાતને સમજવા માટેનાં ત્રણ પગથિયાં છે. રોજ અડધો કલાકની ધૂન, નિયમિત રીતે અઠવાડિક સત્સંગસભા અને ભગવાન શ્રી સ્વામિનારાયણે, ગુણાતીતાનંદ સ્વામીએ આપણાં આત્મિક ઉત્થાન ને કલ્યાણ માટે પોતે જે વાત કરી છે, તે 'શ્રી વચનામૃત' અને 'શ્રી સ્વામીની વાતું'નો નિત્ય પાઠ. એમાં પણ ગુણાતીતાનંદ સ્વામીએ કહેવામાં કશું બાકી રાખ્યું નથી. સંસારીઓને કહ્યું છે, સંન્યાસીઓને કહ્યું છે, વ્યવહારમાર્ગ પણ સમજાવ્યો છે - શિખવાડ્યો છે અને મોક્ષમાર્ગને તો સદાય ઊજળો કરીને ચીંધતા રહ્યા છે. 'સ્વામીની વાતું' એ સ્વાધ્યાય કરવા જેવું પુસ્તક છે. મહારાજે જે જે વાતો 'વચનામૃત'માં કહી છે એ વાતને વધારે સરળ રીતે રોજિંદા જીવનની ઍપ્લિકેશનમાં લાવવા માટે જેમને આદર છે, ઇચ્છા છે, એવી ભાવના છે અને મોટા પુરુષના વચન પ્રમાણે જીવવું છે, એમના માટે તો એ અદ્‌ભુત ગ્રંથ છે ! એટલે ગુરુહરિ સાહેબદાદાએ 'શ્રી વચનામૃત' અને 'શ્રી સ્વામીની વાતું'નો રોજ પાઠ કરવાનો નિયમ આપ્યો છે.

***૪. આપણા આયુષ્યનો અને કમાણીનો પાંચ ટકા અથવા દશ ટકા ધર્માદો ગુરુવચને પ્રભુસેવામાં અર્પણ કરીશું.***

પોતાને માટે વાપરવાનું હોય ત્યારે કોઈ પાંચ ટકાની વાત કરતા નથી, પણ ભગવાનને માટે આપવાનું હોય ત્યારે પાંચ ટકાની વાત કરીએ છે. તેથી સાહેબદાદાએ કહ્યું કે, આપણે તો નિષ્ઠાવાળા, સમર્પિત ભક્તો છીએ તો આપણી કમાણીનો દસમો ભાગ તો અવશ્ય ભગવદ્ કાર્ય માટે અર્પણ કરવો. પણ, તોય તેઓ દયાળુ છે તો કહ્યું કે, 'પાંચ ટકા અથવા દસ ટકા ધર્માદો ગુરુવચને પ્રભુસેવામાં અર્પણ કરીશું.' 'ગુરુવચને પ્રભુસેવામાં અર્પણ કરીશું' એ બહુ અગત્યની બાબત છે. મનમુખી મટી-ગુરુમુખી બનવાનો આ ૨૦૮૧ના વર્ષનો આપણે રૂડો સંકલ્પ કરીએ છીએ.

આજે આપણા માટે નૂતન વર્ષ અને નૂતન સૂર્યોદય ! ત્યારે આપણે આપણાં જીવન, આચરણ, વિચાર, વાણી અને વર્તનમાં ફેરફાર લાવવાનો છે. અહીંયાં સાહેબદાદાના માહાત્મ્યના કીર્તનમાં એક કડી આવી કે, 'ખળખળ, પળપળ વહેતા જીવનમાં... જીવતરમાં શું વાવ્યું રે...' ૨૦૮૦ના વર્ષમાં જે વાવ્યું છે તેનો પાક, એની લણણી ૨૦૮૧ના વર્ષમાં આપણે આનંદ, ઉમંગ અને ઉત્સાહપૂર્વક કરવાની છે. જૂની વાતોને પણ સંભારવાની છે, એની દઢતા કરવાની છે ને એની સ્મૃતિ સાથે નવા ઉમંગ અને ઉત્સાહ સાથે જીવન જીવવાનો સંકલ્પ કરવાનો છે.

***૫. કોઈની પણ માથાકૂટ, ભાવફેર, અમહિમામાં ન પડતાં સદાય ગુણગાન-મહિમા ગાવા-સાંભળવા-જોવામાં જ આનંદ માણીશું.***

ગુણગ્રાહક દૃષ્ટિથી સર્વના ગુણ જોવા ને સંબંધે સર્વનો મહિમા સમજવાનો નવો એકડો અમે ફરીથી પાકો કરીને, ઘૂંટીને જીવવાનો રૂડો સંકલ્પ આ નૂતન વર્ષે કરીએ છીએ.

**૬. સંપ-સુહૃદભાવ-એકતા રાખી, સુસંવાદિતાથી હળીમળીને સત્સંગનાં સઘળાં કાર્યો ગુરુવચને કરીશું.**

પરિવારમાં, વ્યવસાયમાં, સત્સંગમંડળમાં અને સમાજ જીવનમાં, અમે સર્વની સાથે મનમુખી મટી, મનધાર્યું કરવાનું મૂકી, પોતાનું ગમતું મૂકીને આપને જે ગમે છે તે સિદ્ધાંત પ્રમાણે, તે જીવનદૃષ્ટિ પ્રમાણે જીવવાનો નવા વર્ષે રૂડો સંકલ્પ કરીએ છીએ.

**શરૂ થતા સંવત-૨૦૮૧ના નવા વર્ષના પ્રારંભે આવા રૂડા સંકલ્પો કરી નવા ઉત્સાહ સાથે, નવા ઉમંગ સાથે કથાવાર્તા, ધૂન-ભજન અને પ્રાર્થનાઓ સાથે નિર્દોષભાવથી સેવા અને ભક્તિ કરતાં કરતાં પ્રભુ પ્રસન્નતાનાં પાત્રો બની, તન, મન, ધન અને આત્માના સાચા સત્સંગથી સર્વ પ્રકારે અમે સૌ સુખિયાં બની રહીએ અને ધન્યતાનો, જીવનનો ખરો આનંદ માણીએ અને વહેંચીએ તેવાં અમે સૌ બની રહીએ તેવી શ્રી પ્રભુચરણે, શ્રી ગુરુચરણે પ્રાર્થના ધરીએ છીએ !**

નવા વર્ષની મંગલ પ્રાર્થના પ્રગટ ગુરુહરિ સંતભગવંત સાહેબજીના શ્રી ચરણે અમે સૌ આપનાં ભૂલકાંઓ ધરીએ છીએ. આપ પ્રસન્ન થઈને અમારાં સર્વની ઉપર તન, મન, ધન અને આત્માના સત્સંગથી સુખિયાં સુખિયાં બની રહેવાના રૂડા આશીર્વાદ વરસાવો તેવી મંગલ પ્રાર્થના કરીએ છીએ.

ફરી ફરીને આપ સર્વને નવા વર્ષના ભાવભર્યાં જય શ્રી સ્વામિનારાયણ ! સાથે સાથે ક્ષમા પ્રાર્થના ! નવા વર્ષના પહેલા દિવસે જ માફી માગી લઈએ એટલે આખું વરસ ૨૦૮૧ સુધી અમારા પક્ષેથી વ્યવસ્થામાં કંઈ પણ ગરબડ થાય તો આપ મોટું મન રાખજો, ઉદારતાથી ક્ષમા કરજો. પ્રેમથી આવતા રહેજો, અમને છાતીએ લગાવીને વહાલા કરતા રહેજો, મળતા રહેજો ને આનંદનો-ઉલ્લાસનો વધારે ને વધારે - ગમતાંનો ગુલાલ કરતા રહેજો તેવી મંગલ પ્રાર્થના !

જય શ્રી સ્વામિનારાયણ ! ◆

# Happiness is Harmony

~ Saheli Sheth (Peoria, USA)

**"It is a blessing to eat dinner with your family."**

*~ Sadguru Sant Param Pujya Ashvindada*

I remember being confused by what he meant. Because of my privilege, I had assumed it was normal for families to eat together every day. I became curious about my psychotherapy clients and their quality time with their families, and I started asking them how they spent their mealtimes. To my surprise, out of the 25 families I worked with, only one stated that they ate dinner together.

There are many constraints to sitting together for a meal, such as working different shifts, having kids who have moved out, having an unsupportive spouse, living alone, or feeling overwhelmed and always on the go. Still, it's worth exploring the connection between these clients with mental health concerns, and the lack of time they get to spend with their families.

If family disconnection is correlated with lower mental health, then the opposite is also true: Family connection is a cornerstone to feeling loved, joyful, and emotionally well. As adults, we have the strength to take the first step to invest quality time and connect with our kids.

Through tangible steps, Sadguru Sant Param Pujya Manojdasji shared his guidance on what we can do to attain family harmony:

1. **Share one meal together each day.**
   * We will see the most benefit if this is done **without** everyone on their phones or watching TV while eating. Family harmony doesn't come from simply living under the same roof, or even by just sitting together while eating. It's made by the conscious decision to be present for one another.
2. **After eating, engage in the Swaminarayan Mahamantra for 15 minutes together.**
   * The power of prayer is such that we will start to see positive changes by this step alone.
3. **For another 15 minutes, invite each person to share something positive they've noticed about another family member in the last 24 hours.**
   * In this way, kids and their care givers can both practice being more appreciative of one another.
   * Think about the long-term benefit - at the end of the year, this means we will have found 365 positive qualities of one another!
   * If it's challenging to think of positive qualities, then we may share anything positive that has happened in our lives in the past 24 hours – for example, something nice at school or with friends, an accomplishment at work, or even simply appreciation for the weather. Over 365 days, we will be amazed by its impact on our thought processes.

Even though there may be very reasonable barriers to spending consistent family time, why is it still so important to prioritize? In a popular TED Talk, Johann Hari shares why we get addicted (including smart phone addiction). I had goose bumps when I heard his last statement:

"The opposite of addiction... is connection."

This means that if connection prevents addiction to devices, then disconnection fuels it. Simply put, our kids become glued to their screens when they feel disconnected from others around them.

Parenting coach Marko Juhant shared that we have two solutions, then, to our kids' addiction to devices :

(1) build a deep connection with our kids, and

(2) make the real world more interesting than the virtual world.

Pujya Manojdasji's three suggestions for spending daily family time allow us to work toward this connection. And where there's connection, there's family harmony. ◆

# પ્રેમના દૂત

~ ભાવાનુવાદ સંકલન : સંગીતાબહેન મોદી (અમદાવાદ)

"**તમારાં** બાળકો સાથે તમે એવી રીતે વાત કરો કે, જાણે તેઓ દુનિયાનાં સૌથી બુદ્ધિશાળી, પ્રેમાળ, સુંદર અને આકર્ષક વ્યક્તિ હોય. કારણ કે, તેઓ પોતાને જેવાં માનશે તેવાં જ તેઓ બનશે." જ્યારે આપણે આપણાં બાળકો પ્રત્યે પ્રેમ અને આદર દર્શાવીએ છીએ ત્યારે આપણે તેઓ સાથે વધુ દૃઢતાથી જોડાઈએ છીએ. ચાહે આપનું બાળક પાપાપગલી કરતું હોય કે કિશોર અથવા પુખ્તવયનું હોય – આ બાબત સૌને લાગુ પડે છે. દરેક માનવીને પ્રેમ, પારિવારિક સંબંધ અને પોતાના પર ભરોસો રાખતા હોય તેવા લોકોની જરૂર હોય છે.

પ્રેમપૂર્વકનો વ્યવહાર એ અત્યંત મહત્ત્વની બાબત છે. જો કે, જ્યારે તણાવની સ્થિતિ હોય ત્યારે આપણાંમાંનાં ઘણાં ડરના માર્યાં આનાથી વિરુદ્ધ વર્તતાં હોઈએ છીએ. આ ડર આવો હોઈ શકે છે :

"જો મારું બાળક ખોટા મિત્રો કે ખોટા સંગમાં આવી જશે તો શું થશે ?"

"હું મારા બાળકને ટૅક્નોલૉજીનાં જોખમોથી કેવી રીતે સુરક્ષિત રાખી શકીશ કે જ્યારે તેને બધું જ આંગળીના ટેરવે ઉપલબ્ધ છે ?"

"જો હું મારા બાળકનો સર્વશ્રેષ્ઠ રીતે ઉછેર નહિ કરી શકું તો શું થશે ?"

આવી ચિંતા અને ફિકર થાય તે સ્વાભાવિક છે, અને એ જ તો બાળકો માટેની તમારી ખરી નિસબત દર્શાવે છે. પરંતુ, ઘણી વખત ડરથી પ્રેરિત હોવાના કારણે આપણે ઇચ્છીએ તેવા શ્રેષ્ઠ વાલી બની શકતા નથી. અરે જ્યારે આપણે બાળકો પ્રત્યે ગુસ્સો અનુભવીએ છીએ, ત્યારે એ પણ શું આંતરિક ડરનો જ એક હિસ્સો હશે ? ઉદાહરણ તરીકે –

- તેઓ જ્યારે રસ્તો ઓળંગતા હોય ત્યારે 'ધ્યાન રાખજે !' એમ આપણે જોરથી બૂમ પાડી ઊઠીએ છીએ. કેમ કે, આપણને ડર છે કે, તેને કોઈ ઈજા તો નહિ થાયને ?
- તેઓ કોઈ વિજાતીય મિત્રને મળવા જાય છે ત્યારે આપણે તેમની સાથે જીભાજોડી કરીએ છીએ. કારણ કે, આપણને ચિંતા હોય છે કે, તેઓ ભવિષ્યમાં તકલીફમાં મુકાશે તો !
- તેમને રડતાં અટકાવીએ છીએ. કારણ કે, આપણને ડર છે કે, આપણે તેઓને ખુશ રાખી શક્યા નથી અથવા તેમને વધુ સારો અહેસાસ કરાવી શક્યા નથી.
- રાજકારણ વિશે કે જીવન વિશેનાં તેઓનાં વલણ સાથે આપણે સહમત થતા નથી કારણ કે, આપણને ચિંતા હોય છે કે, તેઓની પસંદ અને આપણાં પારિવારિક મૂલ્યો વચ્ચે ઘર્ષણ થશે.

આપણે જ્યારે ડરથી પ્રેરાઈને બાળકોનો ઉછેર કરીએ છીએ ત્યારે આપણાં પાયાનાં મૂલ્યો અનુસાર બાળકોને ઉછેરવાં મુશ્કેલ બની જાય છે. તો, આપણે પ્રેમ-આધારિત અભિગમ તરફ કેવી રીતે વળી શકીએ?

૧. **બાળકો સાથે પ્રેમપૂર્વક જોડાયેલા રહીને :** તમારા બાળકના બાળપણના ફોટા તમે જ્યાં તેને સરળતાથી જોઈ શકો તેવા સ્થાને રાખો કે જે તમને હંમેશાં યાદ અપાવે કે, પરમ કૃપાળુ પરમાત્માએ તમને કેવા અદ્ભુત બાળકની ભેટ આપી છે !

૨. **પોતાના માટે સમય કાઢીને :** સ્વયંની કાળજી રાખવી એ આવશ્યક બાબત છે, એ કંઈ મોટી બાબત નથી. તમારા માટે પ્રેમ હોય તેવા લોકો સાથે જોડાયેલા રહો. ચાલવા જાઓ; પવનમાં ઝૂલતી વૃક્ષની ડાળીઓ અને ત્વચાને થતા તાજી હવાના સ્પર્શને માણો. જ્યારે મને મારી પોતાની કાળજી રાખવા માટેનો સમય મળતો નથી ત્યારે મારી નકારાત્મક રીતે પ્રતિક્રિયા આપવાની શક્યતા વધી જાય છે.

એક સ્નેહી મિત્ર સાથે તમે જેવી હમદર્દી રાખો છો, તેવી જ તમારી પોતાની જાત માટે પણ રાખો અને તો તમે વધુ શાંતિની અનુભૂતિ કરી શકશો.

૩. **ગુરુ સાથે જોડાણ રાખીને :** ઘણી વખત આપણા સ્વપ્રયત્નો ઉપરાંત અન્યનો પણ બળવત્તર પ્રભાવ પડતો હોય છે, કે જે આપણા ગુરુના આશીર્વાદનો હોય છે. અત્રે એક ઉદાહરણ જણાવવું ગમશે : હું અને મારી બહેન જ્યારે કૉલેજમાં હતાં ત્યારે અમારાં માતા-પિતા બહુ ચિંતિત રહેતાં, તે ત્યાં સુધી કે જ્યારે સદ્ગુરુ સાધુ પરમ પૂજ્ય શાંતિદાદાએ તેમને આવું કહીને નિશ્ચિંત કર્યાં કે, "તમારી દીકરીઓની જવાબદારી હવે મારી છે–તમે તેઓને માત્ર પ્રેમ આપો." આ શબ્દોએ તેમના ડરને શ્રદ્ધામાં પરિવર્તિત કરી દીધો, અને તેથી તેઓ અમને પ્રેમ આપવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી શક્યાં. આપણા જીવનમાં ગુરુનો પ્રભાવ આવો અલૌકિક હોય છે !

| ડરથી પ્રેરિત | | ના બદલે પ્રેમ-આધારિત |
|---|---|---|
| "તું આટલી મોડી રાત્રિ સુધી કેમ બહાર હતો?!" *(આપણને ડર હોય છે કે, ક્યાંક આપણું બાળક સલામત નહિ હોય તો ?)* | → | તું મને અત્યંત વહાલો છું. મને તારામાં પૂર્ણ વિશ્વાસ છે, પરંતુ આવા સમયે બીજા લોકો પણ બહાર ફરતા હોય છે તેથી મને તારી ચિંતા થાય છે, માટે તું સમયસર પાછો આવી જજે, કારણ કે મને તારા માટે પ્રેમ છે અને હું તારી સલામતી ઇચ્છું છું. |
| "તારે તારા માર્ક્સ વધુ સારા લાવવા જોઈએ!" *(આપણને ડર હોય છે કે, આપણું બાળક સફળ નહીં થાય અથવા ભવિષ્યમાં તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.)* | → | હું તને ચાહું છું અને તને પ્રયત્ન કરતો જોઈ રહ્યો છું. હું તને કેવી રીતે મદદ કરી શકું ? હું જાણું છું કે, તને આ વિષય ગમતો નથી, મને પણ નહોતો ગમતો. ચાલ, આપણે સાથે મળીને તેને સમજવા પ્રયત્ન કરીએ. |
| તમારા પોતાના ડરને અહીં લખો. | → | આ ડરને પ્રેમ-આધારિત શબ્દો દ્વારા કેવી રીતે પુનઃ વ્યક્ત કરી શકાય તે જણાવો. |

એક વખત મારા માર્ગદર્શકે મને એક અદ્ભુત સલાહ આપતાં કહ્યું : બાળકોની ભૂલ સુધાર્યા પછી, હું તેમને કહું છું કે, 'હું તમને ખૂબ પ્રેમ કરું છું.' તેનાથી તેઓને સમજાય છે કે, ભલે મને તેમનું વર્તન નથી ગમ્યું, પણ તેથી તેમના પ્રત્યેના મારા પ્રેમમાં કંઈ ફેર પડવાનો નથી. આમ, પ્રેમ અવરોધોને દૂર કરીને મજબૂત સંબંધ રચે છે. જ્યારે આપણે ડર-પ્રેરિતના બદલે પ્રેમ-આધારિત ભાષાનો ઉપયોગ કરીએ છીએ ત્યારે આપણે બાળકો સાથેના આપણા સંબંધને વધુ મજબૂત બનાવી શકીએ છીએ. આના પરિણામ સ્વરૂપે, તેઓને પ્રેમના અસરકારક દૂત બનીને આવો પ્રેમ આસપાસનાં સૌની સાથે વહેંચવાની શક્તિ પ્રાપ્ત થાય છે. ◆

*(સહેલી શેઠના 'બ્રહ્મનિર્ઝર'- નવેમ્બર ૨૦૨૪ના અંકમાં પ્રકાશિત મૂળ અંગ્રેજી લેખનો ભાવાનુવાદ)*



## ॥ ધન્યો ગૃહસ્થાશ્રમ ॥

# 'રૂડી રાંધી મેં, રસિયાજી ખાતે ખીચડી રે...'



~ સદ્‌ગુરુ સાધુ પૂજ્ય મનોજદાસજી

(ભાઈબીજ, સંવાદિતા પર્વ, પારમિતા મંદિર, ૧ નવેમ્બર ૨૦૧૬)

**'રૂડી રાંધી મેં, રસિયાજી ખાતે ખીચડી રે... રૂડી રાંધી મેં.'** જેમણે પણ આ રચના કરી હશે એણે આમાં મજાનો એક શબ્દ મૂક્યો છે : 'ખાતે'. હવે જમવાની વાતમાં 'ખાતે' શબ્દ તો પહેલીવાર સાંભળ્યો. ખીચડી તમારે– ભગવાનને 'માટે' રાંધી છે એમ સાંભળ્યું છે. પણ આ 'ખાતે' શબ્દ ત્યારે વપરાય છે કે જ્યારે આપણે કશુંક કોઈના માટે ચોપડામાં જમા–ઉધાર ખાતે કર્યું હોય. અને જ્યારે આપણે આપણા આખા જીવનની વાત કરવાની હોય, તો આ જીવન તારે ખાતે, એટલે કે તમારા ખાતે આ આખું જીવન ! આ ખીચડી એ જીવન ભગવાનને ખાતે કરવાની વાત છે. અને કેવી ખીચડી ? કેવું જીવન ? રૂડું મજાનું જીવન !

હવે જો આ ખીચડીરૂપી જીવનને રૂડી રીતે રાંધવું હોય તો એમાં આગળ કહે છે : **'ચોખા–દાળ જતનથી જોયાં.'** દાળ–ચોખાની ખીચડી બને. મગની કે તુવેરની દાળ લો અને સાથે ચોખા લો. ઘરમાં ખીચડી રાંધવાની હોય તો રાંધતાં પહેલાં ચોખા અને દાળમાંથી કાંકરા જુદા પાડી દઈએ છીએ. તો જીવનની એક–એક ક્ષણ જે ચોખા અને દાળરૂપી છે, એ જીવનમાં જે કંઈ પણ નૅગેટિવિટી છે–એ નકારાત્મકતારૂપી જે કાંકરાઓ છે એ ચોખા અને દાળમાંથી જતન કરીને દૂર કર્યા.

એનો અર્થ એમ થયો કે, જીવનની એક એક ક્ષણ એટલે કે એક ચોખો– જીવનની એક ક્ષણ, એક દાળ–જીવનની એક ક્ષણ. રંગ બેઉનાં અલગ–અલગ છે. એ અર્થમાં જીવનના રંગ પણ ચોખા અને દાળ સાથે જોડી શકાય એમ છે. પણ જે નકારાત્મક બાબતો છે તે કાંકરાના સ્વરૂપમાં હોય અથવા તો ચોખા અને દાળમાં જે અખાદ્ય સ્વરૂપે માટી કે એવું કશુંક એમાં આવી ગયું હોય; જે ભગવાન રાજી નહીં થાય એવું મારા જીવનમાં છે એમાંથી મેં જતન કરીને કહેતાં જીવનની એક એક પળ એ નકારાત્મકતાથી જુદી કરી લીધી.

**'નિર્મળ નીરે ધીરે ધોયાં'** ચોખા અને દાળ રૂપી એક–એક ક્ષણ જુદાં પાડી લીધાં. હવે આપણે તો દાળને તેલ આપી દીધું છે–તેલ ચડાવી દીધું છે અને ચોખામાં પણ એવો પાવડર નાખી રાખ્યો છે કે જેનાથી જીવાત ના પડે. અને હવે જુદાં તો પડી ગયાં, પણ દાળ પર હજુ તેલ ચડેલું છે અને ચોખા ઉપર જીવાત ના આવે તે માટે રાખ્યો હતો તે પાવડર પણ છે. એટલે હવે આપણે દાળ ને ચોખા ધોવાં પડે છે. એટલે જેવા આપણે સત્સંગના સંબંધમાં આવ્યા. તે સત્સંગરૂપી જે નિર્મળ ધાર છે, એનાથી ધીરે ધીરે ધીરે ધોઈએ. જો જળનો ફૉર્સ બહુ વધારે રાખશો તો ચોખા અને દાળ પાત્રમાંથી ધોવાઈ જશે. તેથી એક એક ચોખાને, દાળને પ્રેમથી એમાં ધોતા જઈએ છીએ. એમ, સરસ મજાના સત્સંગની શરૂઆતમાં પહેલાં એક વખત આપ આવો અને એ આવ્યા પછી સત્સંગરૂપી નિર્મળ જળની જે ધીમી ધાર છે એનાથી આ જીવનની એક એક ક્ષણ ચોખા અને દાળરૂપી છૂટી પાડી, એ ધોઈ રહ્યાં છીએ. આપણે અત્યારે માનસીમાં પણ તે કરી શકીએ જાણે કે, અત્યારે તેવું થઈ રહ્યું છે. આપણે આપણા જીવનની એક એક ક્ષણ અત્યારે જુઓ, નૅગેટિવભાવ લગભગ બહાર નીકળી ગયો છે. મંદિરોની આ જ મહત્તા છે !

**'સબરસ–ચપટી હળદરને હેતે ભભરાવિયાં રે...'** સત્સંગમાં આવ્યા, ચોખા–દાળરૂપી જીવનની એક એક ક્ષણ પસંદ કરી લીધી. નકારાત્મકભાવ કાઢી નાખ્યા. સત્સંગની નિર્મળધારથી ધીરે–ધીરે ધોયાં એટલે તેલ નીકળી ગયું, પાવડર જતો રહ્યો. હવે આપણા જીવનની દરેક ક્ષણ સ્વચ્છ થઈ ગઈ છે. એમાં હવે સત્સંગની ધારવાળું પાણી નાખ્યું. પછી ઉપરથી સબરસ કહેતાં મીઠું નાખ્યું. એક મીઠું નાખો તો બધા જ–છએ છ રસ આવી જાય, એટલે જ એને સબરસ કહ્યું છે, લવણ કહ્યું છે. અને લવણ પરથી લાવણ્ય શબ્દ આવ્યો છે. લવણ એટલે મીઠું – સબરસ.

સબરસ એટલે ? ગુરુવચન, ગુરુની આજ્ઞા ! હવે જો તમે ચપટી મીઠું નાખો પછી કંઈ એ ચપટી મીઠાને હજારો દાણા ચોખાના અને દાળના હોય તેને એક એક કરીને મીઠું અડાડવાની જરૂર નથી પડતી. આમ, ગુરુની આજ્ઞાની જે ચપટી છે – ગુરુવચન એકાદ–બે જ હોય છે જીવનમાં, એ સબરસ બની જાય છે. એ તમે નાખો એટલે બધી જ પ્રકારના રસ એમાં આવે છે. અને ચપટી હળદર. હળદરનો ગુણ છે ઍન્ટિસૅપ્ટિક; એટલે જે ગુરુવચન છે, ગુરુઆજ્ઞા છે એની સાથે ગુરુની પ્રીતિ ! પ્રીતિનો રંગ ચડી જાય. એ હળદરનો પોતાનો એક રંગ છે. રંગ તરીકે ભક્તિની સાથે પણ જોડાયેલો એ રંગ છે અને એના ગુણ ઍન્ટિસૅપ્ટિક છે. એટલે સત્પુરુષની સાથે–એવા ભગવાનધારક સંતની સાથે જે પ્રીતિ બંધાય એની ચપટી જ ! આ પ્રીતિની કંઈ એકાદ–બે બાઉલ ભરીને આવશ્યકતા નથી, ચપટી જ હોય છે અને ઘણીવાર જણાતી પણ નથી હોતી, એ તો અંદર મહેસૂસ થતી હોય છે. બસ આ ચપટી હળદર. તો સબરસ અને ચપટી હળદર હેતે ભભરાવ્યાં એની ઉપર. એટલે ગુરુઆજ્ઞા અને ગુરુપ્રીતિ જો

ભભરાવી તો આ દાળ અને ચોખામાં બધા જ રસ ભળી ગયા. અને એ હળદરે પણ દાળ અને ચોખાને એક આવરણ આપી દીધું એટલે હવે ઍન્ટિસૅપ્ટિક થઈ ગયું, એને બીજો કોઈ પણ પ્રકારનો બૅક્ટૅરિયા અડી નહિ શકે. અને પ્રીતિનો રંગ ચડી ગયો પછી બીજો કોઈ રંગ પણ નહીં ચડે. હળદરની આ તાકાત છે.

પાત્ર તૈયાર થઈ ગયું છે. જીવનની એક એક ક્ષણ ચૂંટીને પસંદ કરી લીધી છે. નકારાત્મક ભાવ એમાં નથી. ચપટી હળદર નાખી છે. ગુરુ સાથેની પ્રીત બંધાઈ ગઈ છે. ચપટી મીઠું નાખ્યું છે. એમના વચનરૂપી જીવનના બધા જ રસ આવી ગયા છે.

હવે '**ધીમે તાપે અચળ ચઢાવી...**' હવે એને ચઢવા દેવી પડશે. હમણાં પ્રીતિ કરી અને હમણાં ગુરુનું વચન પાળ્યું તો થતું કેમ નથી આ કંઈ ? પણ એને ધીમે તાપે ચઢાવવી પડે. જેમણે ગામડામાં સગડી ઉપર બનતી ખીચડી ખાધી હોય તેને ખબર હશે. એ સરસ મજાની ધીમે તાપે ચડતી જાય. તો આ સત્સંગમાં આવ્યા. ક્ષણ-પ્રતિક્ષણ પસંદ કરી લીધી. નકારાત્મક ભાવ કાઢી નાખ્યા. સત્સંગનાં નિર્મળ નીરથી એને ધોઈ નાખ્યા, સ્વચ્છ થઈ ગયા. અને હવે એમાં ગુરુઆજ્ઞારૂપી સબરસ-મીઠું ભળ્યું છે. હળદરરૂપી ગુરુપ્રીત-સંતપ્રીતનો રંગ એને ચડ્યો છે-ઍન્ટિસૅપ્ટિક આવ્યું છે. એટલે સતત પણ ધીમે તાપે સંત સમાગમ. સતત સેવાનો તાપ. સેવા કરીશું એટલે ઘર્ષણ પણ ઊભું થશે, તાપ લાગશે. ક્યાંક મારું ગમતું નહિ થાય, મારી સમજણ પ્રમાણે નહીં થાય, પણ એ ધીમે તાપે એ સેવા અને સમાગમ. સેવા અને સમાગમરૂપી તાપ છે.

એ '**ધીમે તાપે અચળ ચઢાવી...**' સગડી પર પાત્ર મૂક્યું ખીચડીનું, થોડીવાર મૂક્યું અને પછી પાછું નીચે લઈ લીધું. થોડીવાર મૂક્યું અને પાછું નીચે લઈ લીધું. તો ચડશે ખીચડી ? નહિ ચડે. એને સગડી પર રાખવી પડશે ને ? અચળ રાખવી પડશે. સતત સેવા, સતત સમાગમ પણ ધીમે તાપે, વેગમાં નહિ. હમણાં ખૂબ કરી લીધું અને પછી અચાનક એકદમ બ્રૅક વાગી તો રિવર્સમાં ગાડી. એટલે ધીમે તાપે. આપણી જેવી અનુકૂળતા, જેવું આપણું પાત્ર, જેવી ગુરુની આજ્ઞા. સતત સેવા પણ ધીમે તાપે – એક સરખી રીતે.

'**...સુખપાવની મેં તો ધીરજથી રાંધી...**' નાગર જ્ઞાતિમાં ખીચડીને 'સુખપાવની' કહે છે. સામાન્ય રીતે ઉત્સવના દિવસોમાં ઘરમાં ખીચડી ઓછી બનતી હોય. પણ નાગર જ્ઞાતિમાં આ દિવસોમાં સુખપાવની બનાવતા હોય છે. તો ખીચડીનો બીજો શબ્દ છે સુખપાવની – જે મેં ધીરજથી રાંધી.

ધીરજ રાખવી પડે. ખીચડી ચઢાવીએ છીએ – ધીમે તાપે અચળ ચઢાવીએ છીએ. ધીરજ રાખવી પડે – વારંવાર ખોલીને થઈ કે નહીં ? એમ નથી જોતા. એમ, આ જીવનની ક્ષણ-પ્રતિક્ષણને ચૂંટીને, સબરસરૂપી ગુરુઆજ્ઞા, ગુરુપ્રીતરૂપી હળદર સાથે, સત્સંગનાં નીર સાથે, સેવા અને સમાગમરૂપી તાપ પર અચળ મૂકી છે તો હવે એ સુખપાવનીને ધીરજથી રંધાવા દેવી જોઈએ એને ચડવા દેવી જોઈએ.

'**રૂડી પેઠે ઘી લઈ હરિને જમાડવા રે...**' ઘી વિષે આપણા ઋષિઓએ એમ કહ્યું છે કે, દેવું કરીને પણ ઘી પીવું. એટલો બધો દેશી ગાયના ઘીનો મહિમા કહ્યો છે. આ ઘી જે છે એ 'ભક્તિ' છે. સ્નિગ્ધતા જે આવે છે ભક્તિમાં ! કોરી ખીચડી જમાડો કે જમો, એના કરતાં રૂડી પેઠે એમાં ઘી ચોળીને જમાડો. તો એ હેતે ભગવાનને જમાડવા. એટલે આગળ જે કંઈ પણ તાપ હતો-ખાસ તો સેવા અને સમાગમનો, એમાં હવે જે ખીચડી તૈયાર થાય અને એમાં જો રૂડી પેઠે ઘી – સરસ મજાની ભક્તિથી કીર્તન ગાવું એ ઘીનું સ્વરૂપ છે. સરસ મજાનાં સુશોભન કરવાં, વાઘા પહેરાવવા, શણગાર કરવા, પુષ્પો લાવવાં, કીર્તન રચવાં, પગચંપી કરવી; જે કંઈ પણ પ્રેમભાવથી અર્પણ કરીએ એ બધું જ ભક્તિરૂપ થયું. એ ઘી એમાં નખાયું, પણ શુદ્ધ દેશી – ગાયનું ઘી.

હવે આમાંથી શું પ્રાપ્ત થાય ? આ જીવનરૂપી ખીચડી ! આવી રીતે જમાડીએ તો શું પ્રાપ્ત થાય ? એનો હેતુ શું ? 'હરિવર જમીને થાય રાજી...' હરિવર જમીને થાય રાજી. જેમને ખાતે આ જે જીવનરૂપી ખીચડી કરી છે, બસ આ ખીચડી જો ભાવે અને જમે. કઈ ખીચડી છે ? તો ચોખા-દાળ જતન કરી ધોયાં, નિર્મળ નીરે ધીરે ધોયાં, સબરસ ચપટી હળદર ભભરાવિયાં રે. પૉઝિટિવિટી સાથે જીવનની ક્ષણ-પ્રતિક્ષણને ગુરુવચન અને ગુરુપ્રીતનો રસ અને રંગ ચઢાવી, ધીમે તાપે – સતત સેવા, સતત સમાગમથી એને વચ્ચે લઈ લીધી-મૂકી, લઈ લીધી-મૂકી એવું કર્યું નથી-અચળ ચઢાવી છે. અને ધીરજથી એને રાંધી છે. તૈયાર થઈ ગઈ એટલે ભક્તિભરપૂર ઘી નાખીને ધરી છે. એ જો આવું ખીચડીરૂપી જીવન સ્વીકારે ને જમે તો 'હરિવર જમીને થાય રાજી' એના ફળ સ્વરૂપે હરિજનને થાય શાતા ભારી.

'**હરિજનને વળે શાતા ભારી... સુખસિંધુને સુખપાવની જમાડતા રે..**' પરિવારમાં પત્ની પોતાના પતિને પણ રસિયાજી સ્વરૂપે સ્વીકારે, તો જ્યારે પત્ની ઘરમાં ખીચડી રાંધે અને આવો ભાવ ધારે કે આ તો મેં મારા રસિયાજી માટે ખીચડી બનાવી છે. તો શું માત્ર રસિયાજી જમે એટલી જ ખીચડી બનાવો છો ? પરિવારમાં બીજા પંદર સભ્યો હોય તો જે ખીચડી રસિયાજી જમવાના છે, તો બાકીના ચૌદ જણ પણ એ જ ખીચડી જમવાના છે. કહેતાં-એનો જો હજી વિસ્તાર કરીએ તો આ જીવન કેવું થઈ જાય ? આ જીવન એવું થઈ જાય કે આ જીવનરૂપી ખીચડી હરિવર જમે તો એ તો રાજી થાય, પણ આપણા જીવનરૂપી ખીચડીનો પ્રસાદ કોઈ પણ જમે એને શાંતિ થઈ જાય. એને શાતા વળી જાય. એ ભગવાનધારક સાધુરૂપ જીવન આપણું થઈ જાય જે ખીચડીરૂપ છે.

**રૂડી રાંધી મેં રસિયાજી ખાતે ખીચડી રે...**

તો પધારો પ્રભુ ! ધન્ય અમારા ગૃહસ્થાશ્રમમાં રૂડી ખીચડી જમવા પધારો.

જય શ્રી સ્વામિનારાયણ ! ◆



# સાહેબજીની પધરામણીની ઘડીઓ રળિયામણી



**૧ નવેમ્બર, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. નૂતન વર્ષ નિમિત્તે હરિધામથી પ.પૂ. પ્રેમસ્વરૂપ સ્વામીજી ને સંતો-ભક્તો પધાર્યા, તેઓ સૌને સત્કાર્યા. 'વર્ણીકુંજ'માં યોજેલ સ્વાગતસભામાં પધારી સૌ અક્ષરમુક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૨ નવેમ્બર, શનિવાર...** 'વર્ણીકુંજ'માં યોજેલ નૂતન વર્ષ મંગલ મિલનસભામાં પધારી નવા વર્ષના આશીર્વાદ પાઠવ્યા. મંદિરજી તથા 'અક્ષરમહોલ'માં યોજેલ અન્નકૂટોત્સવમાં પધારી શ્રી ઠાકોરજીને થાળ-આરતી અર્પણ કરી ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોને તથા ભાવથી વાનગીઓ તૈયાર કરી લાવનાર ભક્તોને અને કલાત્મક રીતે તેને શ્રી ઠાકોરજી સમક્ષ અર્પણ કરનાર સંતો-સેવકોને બિરદાવી આશીર્વાદ આપ્યા.

**૩ નવેમ્બર, રવિવાર...** ભાઈબીજ નિમિત્તે 'વર્ણીકુંજ'માં યોજેલ 'સંવાદિતા પર્વ'ની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૪ નવેમ્બર, સોમવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. ડૉ. સનંદભાઈના પ્રાગટ્યદિન પ્રસંગે મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા.

**૫ નવેમ્બર, મંગળવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને અ.નિ. સદ્‌ગુરુ સાધુ પૂ. પૂનમદાદાના પ્રાગટ્યદિન પ્રસંગે મહિમાગાન કરી આશીર્વાદ આપ્યા.

**૬ નવેમ્બર, બુધવાર...** લાભપાંચમ નિમિત્તે સવારે અનુપમ ઍડહેસિવ્ઝ ફૅક્ટરીની ઑફિસમાં યોજેલ મહાપૂજામાં પધારી કર્મયોગી સંતોને આશીર્વાદ પાઠવ્યા. 'નિજાનંદ રિસૉર્ટ'માં સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદાના ૮૧મા પ્રાગટ્યદિન નિમિત્તે યોજેલ સભામાં પધારી, મહિમાગાન કરી 'નિજાનંદ રિસૉર્ટ'નાં માલિક-ભક્તરાજ યોગેન્દ્રભાઈ-મીનુબહેનની ઉમદા સેવાભાવનાનો સ્વીકાર કરી અદ્‌ભુત આશીર્વાદ પાઠવ્યા.

**૭ નવેમ્બર, ગુરુવાર...** સાંજે બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા ખાસ પવઈથી પધારેલ પૂ. દિનકર અંકલ, પૂ. ભરતભાઈ, પૂ. વશીભાઈ તથા સૌ ભક્તોનાં સ્વાગત-સત્કાર કરી સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા.

**૮ નવેમ્બર, શુક્રવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર બિરાજમાન રહી સ્થાનિક તેમજ બહારગામથી પધારેલ અક્ષરમુક્તોને મુલાકાત આપી સત્સંગલાભ આપ્યો.

**૯ નવેમ્બર, શનિવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે 'અક્ષરમહોલ'માં શ્રી સતધામ સ્વામિનારાયણ મંદિર-સુરતના મહંત પ.પૂ. સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રી વિશ્વવલ્લભદાસ સ્વામીજી (સત સ્વામીજી) પધાર્યા, તેઓનાં સ્વાગત-સત્કાર કરી તેઓના આશીર્વાદનું પાન કર્યું. 'તીરથ'ની મુલાકાત લઈ ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમજ ગુરુદેવ યોગીજી મહારાજના જીવનપ્રસંગો પર આધારિત પ્રદર્શન નિહાળી સત્સંગ-ગોષ્ઠિનો આનંદ માણ્યો.



શ્રી કાકાજી સ્મૃતિદિન કીર્તન આરાધનામાં સાહેબજીનાં આશીર્દાન

**૧૦ નવેમ્બર, રવિવાર...** બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પપ્પાજી મહારાજના ૧૦૮મા પ્રાગટ્ય મહોત્સવ 'પપ્પાજી દિવ્ય પ્રકાશ પર્વ'ની પૂર્ણાહુતિ સભામાં પધારી અનેક સંતો-ભક્તો દ્વારા થયેલ મહિમાગાનનાં શ્રવણ કર્યાં તથા અદ્‌ભુત આશીર્વાદ વરસાવ્યા. સભા દરમિયાન સમાચાર મળતાં બ્રહ્મજ્યોતિ પધાર્યા અને 'અક્ષરમહોલ'માં હરિદ્વાર-પતંજલિ યોગપીઠથી પધારેલ યોગનિષ્ઠ વિરલ સાધુ પ.પૂ. રામદેવજી મહારાજને સત્કારી, ગોષ્ઠિનો આનંદ માણ્યો.

**૧૧ નવેમ્બર, સોમવાર...** સાંજે 'અક્ષરમહોલ'માં ઍલિકોન ઍન્જિનિયરીંગનાં માલિક પ્રયાસવિનભાઈ-તરુબહેનની દીકરી ચિ. ઐશ્વર્યાનાં લગ્નની કંકોતરીનાં પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા.

**૧૨ નવેમ્બર, મંગળવાર...** સવારે રાજભોગ આરતીમાં પધાર્યા, ત્યારબાદ સભામાં સાધુ પૂ. તુષારદાસજી તથા 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કીર્તનભક્તિનો આનંદ માણી, ઉપસ્થિત સૌને આશીર્વાદ પાઠવ્યા. પ્રબોધિની એકાદશી પ્રસંગે સાંજે 'અક્ષરમહોલ'માં યોજેલ શાકોત્સવમાં પધારી આરતી અર્પણ કરી, સભામાં આશીર્વાદ પાઠવ્યા.

**૧૩ નવેમ્બર, બુધવાર...** સાંજે 'તીરથ'માં સંતોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. રાત્રે 'પારમિતા' સભાખંડમાં યોજેલ 'બ્રહ્મનિર્ઝર'ની સેવામાં જોડાઈ, સૌ કાર્યકર્તાઓને સેવા કરવાનું બળ પૂરું પાડ્યું.

**૧૪ નવેમ્બર, ગુરુવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા.



સિનિયર સિટિઝન ફોરમ દ્વારા યોજિત 'ઐક્ય' કાર્યક્રમમાં આશીર્દાન

**૧૫ નવેમ્બર, શુક્રવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તનભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં યુ.એસ.એ. સ્થિત ડૉ. વ્રજેશભાઈ પરીખ-ડૉ. નયનાબહેન પધાર્યાં, તેઓને સત્કારી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે વડોદરા ખાતે યોજેલ અ.નિ. પૂ. વિમળાબાની શ્રદ્ધાંજલિ સભામાં પધારી પરિવારના સૌ મુક્તોને આશીર્વાદ આપી બળ પૂરું પાડ્યું. ત્યાંથી શંકરકાકાના ઘરે પધરામણી કરી, પરિવારના સૌ મુક્તોને ગોષ્ઠિનો લાભ આપી મોડી રાત્રે બ્રહ્મજ્યોતિ પધાર્યા.

**૧૬ નવેમ્બર, શનિવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે સિનિયર સિટિઝન ફોરમ દ્વારા આર્કિટેક્ટ કૉલેજના હૉલમાં યોજાયેલ 'ઐક્ય' પ્રોગ્રામમાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૭ નવેમ્બર, રવિવાર...** તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સાંજે યોજેલ યજ્ઞમાં પધાર્યા, ત્યાં ભરૂચ મતવિસ્તારના માજી ધારાસભ્ય શ્રી દુષ્યંતભાઈને સત્કારી ગોષ્ઠિનો લાભ આપ્યો. મંદિરજી તેમજ 'અક્ષરમહોલ'માં પધારી સંધ્યાઆરતીનાં દર્શન કર્યાં અને ઉપસ્થિત સંતો-ભક્તોને આશીર્વાદ આપ્યા.

**૧૮ નવેમ્બર, સોમવાર...** 'વૅસ્ટ સાઇડ'નાં માલિક રાધિકાબહેન પટેલ પધાર્યાં, તેઓ કલાપ્રેમી હોવાથી મંદિરજીમાં તેઓની સેવા અર્પણ કરવાની શ્રદ્ધા, ભક્તિ નિહાળી રાજીપો વરસાવ્યો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા.

**૧૯ નવેમ્બર, મંગળવાર...** 'અક્ષરમહોલ'માં અ.નિ. જિતુભાઈ પોપટ તેમજ અ.નિ. ડૉ. સી. જે. પટેલના જન્મદિવસ નિમિત્તે યોજેલ મહાપૂજામાં પધારી, તેઓનાં પરિવારજનો તેમજ ઉપસ્થિત ભક્તોને આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા. યુ.એસ.એ.થી પધારેલ ઘનશ્યામભાઈ ભટ્ટનું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૨૦ નવેમ્બર, બુધવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. સાંજે 'તીરથ'માં સંતોની સભામાં પધારી આશીર્વાદ પાઠવ્યા

**૨૧ નવેમ્બર, ગુરુવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં આશીર્વાદ પાઠવ્યા. ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન શ્રી ભીખુભાઈ પટેલ, આણંદ જિલ્લાના ધારાસભ્ય શ્રી યોગેશભાઈ પટેલ અને આણંદના સંસદસભ્ય શ્રી મિતેશભાઈ પટેલ, શ્રી ભૂરાભાઈ આદિ પધાર્યા, તેઓ સૌને મૉમેન્ટો આપી, સત્કારી આશીર્વાદ આપ્યા. સાંજે આણંદ જિલ્લાના કલૅક્ટર શ્રી ઋતુરાજભાઈનું સ્વાગત કરી આશીર્વાદ આપ્યા.

**૨૨ નવેમ્બર, શુક્રવાર...** સવારે 'અક્ષરમહોલ'માં અ.નિ. પૂ. વિમળાબાની શ્રદ્ધાંજલિ મહાપૂજામાં પધારી પરિવારનાં તેમજ સોખડા ગામનાં સગાં-સ્નેહીજનો આદિ સૌ મુક્તોને આશીર્વાદ પાઠવ્યા. સભા બાદ મંદિરજીની રાજભોગ આરતીનાં દર્શનનો લાભ લીધો તેમજ ઉપસ્થિત ભક્તોને મળી દર્શન-સમાગમનું સુખ આપ્યું.

**૨૩ નવેમ્બર, શનિવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. રાત્રે 'યોગીપ્રસાદ'માં બ્રહ્મસ્વરૂપ પ.પૂ. યોગીજી મહારાજની સ્મૃતિમાં યોજેલ કીર્તન આરાધનામાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તેમજ દેશ-વિદેશથી પધારેલ ભક્તોનાં અભિવાદન કરી સૌને આશીર્વાદ પાઠવ્યા.

**૨૪ નવેમ્બર, રવિવાર...** યુ.કે.થી પધારેલ રાજેશભાઈ-મયૂરીબહેનને સત્કાર્યાં. સાંજે 'પારમિતા' સભાખંડમાં યુવતી મંડળની સભામાં પધારી આશીર્વાદ આપ્યા. સભા બાદ યજ્ઞમાં પધારી આશીર્વાદ પાઠવ્યા.

**૨૫ નવેમ્બર, સોમવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વાદ આપ્યા. મુંબઈથી પધારેલ દિલીપભાઈ સંઘવી અને પરિવારને સત્કાર્યાં.

**૨૬ નવેમ્બર, મંગળવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં સોખડાના અરવિંદભાઈ પટેલની પૌત્રીનાં લગ્નની કંકોતરીનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. અમદાવાદથી યોગેશભાઈ-ભાવિનીબહેનના દીકરા ચિ. ચિન્મયનાં લગ્નની કંકોતરીનું પૂજન કરી આશીર્વાદ પાઠવ્યા. કેન્દ્રીય વિદ્યાલય, દાહોદના વિદ્યાર્થીઓને દર્શન-આશીર્વાદ આપ્યાં.

**૨૭ નવેમ્બર, બુધવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભકિતનો આનંદ માણ્યો તથા સભામાં ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન ભીખુભાઈ, સંકેત ઇન્ડિયાના માલિક ડી.સી. પટેલનું અભિવાદન કરી તેઓનાં જીવનમાહાત્મ્યની વાતો કરી આશીર્વાદ આપ્યા.

**૨૮ નવેમ્બર, ગુરુવાર...** સવારે બ્રહ્મજ્યોતિમાં અ.નિ. હરિકૃષ્ણભાઈ ગોગારીના નિવાસસ્થાન પાસે તેઓની અંતિમવિધિમાં પધારી આશીર્વાદ આપ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી સત્સંગલાભ આપ્યો.

**૨૯ નવેમ્બર, શુક્રવાર...** સાંજે 'સહજાનંદ કલાસાધના તીર્થ'ના વિદ્યાર્થીઓને દર્શન-સમાગમનું સુખ આપ્યું. 'અક્ષરમહોલ'માં સંધ્યાઆરતીનો લાભ લીધો. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં કીર્તન-ભક્તિનો લાભ લઈને આશીર્વાદ પાઠવ્યા.

**૩૦ નવેમ્બર, શનિવાર...** સવારે રાજભોગ આરતીમાં પધારી કીર્તન-ભક્તિનો આનંદ માણ્યો તથા સભામાં યુ.એસ.એ.થી પધારેલ ચંદ્રકાંતભાઈ પટેલ (વેમાર)ના દીકરા ગૌરાંગભાઈ અને પરિવાર, કૅનેડાથી પધારેલ વેદ તેમજ યુ.કે. થી પધારેલ જયંતભાઈ-નિમિષાબહેન કોટેચાનું સ્વાગત કરી આશીર્વાદ પાઠવ્યા. સાંજે 'યોગી વિદ્યાપીઠ'ના પ્રાર્થના હૉલમાં અ.નિ. હરિકૃષ્ણભાઈ ગોગારીની પ્રાર્થનાસભામાં પધારી આશીર્વાદ આપ્યા. નિજ મંદિરે સંધ્યા આરતી દરમિયાન કનુભાઈ પટેલને સ્મૃતિભેટ અર્પણ કરીને આશીર્વાદ પાઠવ્યા. 'અક્ષરમહોલ'માં રાત્રિસભામાં પધારી આશીર્વાદ આપ્યા. ◆



શ્રી યોગી સ્મૃતિદિન કીર્તન આરાધનામાં સાહેબજીનાં આશીર્દાન

# સત્સંગ સમાચાર

## દેશ-પરદેશનાં કેન્દ્રોમાં અન્નકૂટ ઉત્સવ

**અંકલેશ્વર :** ૧૦ નવેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ ઉપાસના ધામ, અંકલેશ્વર ખાતે સંતોની ઉપસ્થિતિમાં ભવ્ય અન્નકૂટ ઉત્સવ યોજાયો. આ પ્રસંગે અંકલેશ્વર, વડોદરા, વેમાર, સરભાણ, સુરત અને અન્ય મંડળોના ભક્તોએ ઉપસ્થિત રહીને સુંદર લાભ લીધો. અનુપમ મિશન, મોગરીથી પ્રાદેશિક સંતો સાધુ પૂ. સતીશદાસજી, પૂ. મણિદાસજી સાથે પૂ. ઉત્પલદાસજી અને ઈંગ્લૅન્ડ મંદિરના મહંત પૂ. હિંમતસ્વામીજીએ પધારી સંનિધિ અને આશીર્વાદનો લાભ આપ્યો. અંકલેશ્વર મંડળના યુવકો દ્વારા રોહનભાઈ અને તુષારભાઈની આગેવાની હેઠળ નયનરમ્ય સુશોભન કરવામાં આવ્યાં. મંડળના સૌ મુક્તોએ સંપ, સુહૃદભાવ અને એકતા રાખી ખૂબ સેવાઓ કરી શ્રી ઠાકોરજી અને સંતભગવંત સાહેબજીને રાજી કરવાના ભાવ ધર્યા. ઉત્સવ પ્રારંભે સંતોનાં સ્વાગત થયાં અને ત્યારબાદ અંકલેશ્વર મંડળના સૂરવૃંદ દ્વારા અત્યંત ભક્તિભાવે વિવિધ થાળનાં ગાન કરવામાં આવ્યાં. સૌ સંતોએ આશીર્વાદ વરસાવી ભક્તોની ભક્તિને બિરદાવી. ◆

**ભીંગરાડ :** ભીંગરાડ મંદિરના શ્રી ઠાકોરજીને ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભવ્ય અન્નકૂટોત્સવમાં વિવિધ વાનગીઓ અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે લાભ લેવા સ્થાનિક ભક્તો સાથે મુંબઈ, વલ્લભવિદ્યાનગર, અમદાવાદથી પણ ભક્તો પધાર્યા. વિવિધ થાળનાં ગાન કરીને શ્રી ઠાકોરજીને પ્રેમથી જમાડ્યા. મુંબઈનાં દેવેનભાઈ, જયશ્રીબહેન, અમદાવાદનાં જહાનવીબહેન તથા સ્થાનિક અમિશાબહેને પ્રાસંગિક મહિમાગાન કર્યાં. મયૂરભાઈએ સમગ્ર અન્નકૂટોત્સવનું સંચાલન કર્યું. ◆

**સાઠંબા :** ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ સાઠંબાના શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજ તથા સંતભગવંત સાહેબજી અને પ્રગટ ગુણાતીત સંત સ્વરૂપોને અપાર ભક્તિભાવે અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. આ પ્રસંગે અનુપમ મિશન, મોગરીથી પ્રાદેશિક સંતો સાધુ પૂ. નરેન્દ્રદાસજી અને પૂ. ગિરીશદાસજી સાથે સાધુ પૂ. પંકજદાસજી અને પૂ. દિવ્યેશદાસજી પધાર્યા. સ્થાનિક યુવાન ભક્તો દ્વારા પૂજન-પુષ્પહાર અર્પી સંતોનાં સ્વાગત કરવામાં આવ્યાં. અન્નકૂટમાં સૂરવૃંદના ભાઈઓ દ્વારા વિવિધ થાળ ગાઈને પ્રભુને ભાવથી વ્યંજનો જમાડ્યાં અને સૌને કીર્તન-ભક્તિમાં તલ્લીન કર્યાં. સાધુ પૂ. દિવ્યેશદાસજી અને પૂ. પંકજદાસજીએ આશીર્વાદ વરસાવી સુંદર સત્સંગલાભ પ્રદાન કર્યો. ત્યારબાદ સંતો દ્વારા અન્નકૂટ આરતી અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે સાઠંબા તથા આજુબાજુનાં મંડળોના ભક્તો અને આમંત્રિત મહેમાનો સહિત અનેક હરિભક્તોએ દર્શનનો લાભ લીધો. સમગ્ર આયોજન વસંતદાદા, સંજયભાઈ અને ગૌરવભાઈની આગેવાની હેઠળ થયું. કાર્યક્રમ સંચાલન આશુતોષ પટેલ દ્વારા કરવામાં આવ્યું. ◆

**ઉપાસના ધામ, અમદાવાદ :** ૧૫ નવેમ્બર ૨૦૨૪, શુક્રવારના રોજ દેવદિવાળીના પવિત્ર અવસરે અમદાવાદ પ્રદેશના ભક્તોએ ઉપાસના ધામ, અમદાવાદ ખાતે સંતો, ભક્તોનાં સાંનિધ્યે અન્નકૂટ



ઉપાસના ધામ, અંકલેશ્વરમાં અન્નકૂટ ઉત્સવ



શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાણ મંદિર, સાઠંબામાં અન્નકૂટ ઉત્સવ

ભક્તિ અર્પણ કરી. આ ઉત્સવમાં આશીર્વાદ અને દર્શનનો લાભ આપવા સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. હિંમતસ્વામીજી, પૂ. સતીશદાસજી, પૂ. ઉત્પલદાસજી, પૂ. હર્ષદદાસજી તેમજ પૂ. પ્રિયકાંતદાસજી પધાર્યા. જોનુભાઈ–અમિતાબહેન (ન્યૂઝીલૅન્ડ), હરીશ મુનિ (યુ.કે.) તેમજ સ્થાનિક મહાનુભાવો અને વડીલોની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહી. ઉત્સવની શરૂઆત ધૂન અને કીર્તન સાથે થઈ. સંતો–મહાનુભાવોનાં સ્વાગત બાદ શ્રી ઠાકોરજી સમક્ષ વિવિધ થાળ ગાઈને સૂરવૃંદના ભક્તોએ ખૂબ સુંદર ભકિત અદા કરી. સાધુ પૂ. સતીશદાસજી, પૂ. હિંમતસ્વામીજી તેમજ પૂ. ગૌતમદાસજીએ સૌને અદ્‌ભુત આશીર્વાદ પ્રદાન કરી કૃતાર્થ કર્યા. અંતે ઘનશ્યામભાઈ પાઠકે આભાર ઉદ્‌બોધન કરી સૌની ભક્તિને બિરદાવી. યુવતીઓએ સુંદર રંગોળી અને શ્રી ઠાકોરજી માટે સુંદર પિછવાઈ બનાવી હતી તે અર્પણ કરી ભક્તિભાવના વ્યક્ત કરી. અમદાવાદ પ્રદેશના મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી અન્નકૂટ ઉત્સવનો લાભ લઈ ધન્યતા અનુભવી. સભાસંચાલન અવિનાશભાઈએ કર્યું. ◆

**ઉપાસના ધામ, શિણાય :** કચ્છમાં અનુપમ મિશનના ઉપાસના ધામ, શિણાય ખાતે નૂતન મંદિરજીમાં નવા વર્ષનો અન્નકૂટ ઉત્સવ ૧૫ નવેમ્બર ૨૦૨૪, દેવદિવાળીના દિવસે સાધુ પૂ. હરેશદાસજી તથા પૂ. દીપકદાસજી (માણાવદર)નાં સાંનિધ્યમાં ભવ્યતાથી ઉજવાયો. સ્થાનિક હરિભક્તોએ ભાવથી પોતાની આવડત પ્રમાણે ઘરેથી જાતે બનાવી લાવેલ વિવિધ વાનગીઓ શ્રી ઠાકોરજી મહારાજ, સંતભગવંત સાહેબજી અને સર્વ ગુણાતીત સ્વરૂપોને ભાવથી ધરાવી. આ અવનવી વાનગીઓ અન્નકૂટમાં કલાત્મક રીતે ગોઠવી સુશોભિત કરવામાં આવી. ભજન અને પાંચ થાળનાં ગાન કરીને સંતો–અક્ષરમુક્તોએ ખૂબ જ ભાવથી શ્રી ઠાકોરજી મહારાજને અન્નકૂટ જમાડ્યો. આ પ્રસંગે માવજીભાઈ સોરઠિયા, ગોપાલભાઈ હડિયા, રાજાણીસાહેબ, સુનીલભાઈ હડિયા આદિ મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા. વીરલભાઈ, હીરાભાઈ, માવજીભાઈ સોરઠિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું અને સાધુ પૂ. હરેશદાસજીએ સુંદર આશીર્વાદ પ્રદાન કર્યા. ત્યારબાદ સૌએ સમૂહ આરતી કરી ભક્તિનો પરમ આનંદ માણ્યો. કશ્યપ ભટ્ટ દ્વારા સભાસંચાલન કરવામાં આવ્યું. ◆

**ઉપાસના ધામ, સુરત :** ૧૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, સુરત ખાતે અન્નકૂટ ઉત્સવ ભવ્ય અને દિવ્ય રીતે ઉજવાયો. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી અનુપમ મિશન, મોગરીથી સાધુ પૂ. હિંમતસ્વામીજી (યુ.કે.), પૂ. રમેશદાસજી–ઝા, પૂ. દિવ્યેશદાસજી, પૂ. હરેશદાસજી, પૂ. મૂકેશદાસજી, પૂ. રમેશદાસજી–કપિલ પધાર્યા. આ પ્રસંગે સ્થાનિક બહેનો દ્વારા ઘરે જાતે બનાવેલ વિવિધ વાનગીઓ શ્રી ઠાકોરજી મહારાજને ભક્તિભાવે અર્પણ કરવામાં આવી. યુવતીઓ દ્વારા કોતરણી કરેલાં વિધવિધ પ્રકારનાં ફળોએ અન્નકૂટની શોભા વધારી. ઉપરાંત, ‘મંદિરનિર્માણ આજ્ઞા હીરક જયંતી’નો સુંદર લોગો વિવિધ ચોકલેટ્સ દ્વારા યુવતીઓ અને બહેનોએ સાથે મળી સુશોભિત કર્યો. સાધુ પૂ. હરેશદાસજી અને સૂરવૃંદનાં યુવાનો–યુવતીઓએ વાજિંત્રોના તાલે થાળનાં સુંદર ગાન કરી સૌને ભક્તિમય વાતાવરણમાં તલ્લીન કર્યા. આવા ભક્તિભાવ સાથે શ્રી ઠાકોરજી મહારાજ અને સર્વે ગુણાતીત સ્વરૂપોના ચરણે નૈવેદ્ય અર્પણ કરવામાં આવ્યો. ત્યારબાદ સાધુ પૂ. રમેશદાસજી, પૂ. દિવ્યેશદાસજી અને પૂ. હિંમતસ્વામીજીના આશીર્વાદ પ્રાપ્ત થયા. અંતે, સર્વે હરિભક્તો સમૂહ આરતીમાં જોડાયા. આ દિવ્ય પ્રસંગે અનેક મહાનુભાવો, આમંત્રિત મહેમાનો સાથે તુંડી, ઓરણા, નિઝર, રૂવા, ખંભાસલા, અંકલેશ્વર, વલસાડ આદિ મંડળોના ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. વળી, ૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ સંતોનાં સાંનિધ્યે વલસાડ મુકામે રામસિંહભાઈ–ભાવનાબહેનના ઘરમંદિરે બિરાજમાન શ્રી ઠાકોરજીને સ્થાનિક મંડળના મુક્તોએ ભેગા મળીને અન્નકૂટ અર્ઘ્ય અર્પણ કર્યો. તે જ દિવસે નિઝર મુકામે વડીલ અક્ષરમુક્ત રંજનબહેનના ઘરમંદિરમાં પણ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો. ◆

**ફ્લૉરિડા, યુ.એસ.એ. :** ફ્લૉરિડાના લૅકલેન્ડ ખાતે આવેલ અનુપમ મિશનના ઉપાસના ધામ મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજને ૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઍલનટાઉન મંદિરથી પધારેલ સાધુ પૂ. અરવિંદદાસજી અને પૂ. કૌશિકદાસજીની પુનિત ઉપસ્થિતિમાં સુંદર રીતે અન્નકૂટ ઉત્સવ ઉજવાયો. મંજુબહેનની આગેવાનીમાં સ્થાનિક ભક્તોએ અત્યંત ભાવથી વિવિધ વાનગીઓ બનાવી અને યુવાનેતા ડૉ. રાહુલભાઈનાં માર્ગદર્શન હેઠળ પ્રભુ સમક્ષ તેને સુશોભિત કરી ભાવ ધર્યા. સંતો અને વડીલ અક્ષરમુક્તોનું ભાવથી સ્વાગત કરવામાં આવ્યું. સાધુ પૂ. અરવિંદદાસજી અને મીનેશભાઈએ થાળનાં ભાવવાહી ગાન કરી પ્રભુને જમાડ્યા. મીનેશભાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી ઉત્સવ–માહાત્મ્ય વર્ણવ્યું. સાધુ પૂ. કૌશિકદાસજીએ આશીર્વાદ અર્પણ કરી સૌની સેવા–ભક્તિને બિરદાવી. ભારતથી સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ફોન દ્વારા આશીર્વાદ પ્રદાન કરી ગુણાતીત



અમેરિકાના મિશિગન મંડળના ભક્તો દ્વારા અન્નકૂટ ભક્તિ અર્પણ



અમેરિકાના અલાબામા મંડળમાં અન્નકૂટ ઉત્સવની ઉજવણી

સત્પુરુષના વચને સંપ, સુહૃદભાવ અને એકતા રાખી સેવા કરવાના ભાવની માર્મિક સમજ આપી. સંદીપભાઈએ આભારવિધિ કરી અને હરેનભાઈએ સભાસંચાલનની સેવા સંભાળી. ખૂબ મોટી સંખ્યામાં સ્થાનિક અક્ષરમુક્તોએ ઉત્સવમાં પધારી સત્સંગ અને ભક્તિનો લાભ મેળવ્યો. ◆

**સાન ફ્રાન્સિસ્કો, યુ.એસ.એ.:** ૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ સાન ફ્રાન્સિસ્કો મંડળના ભક્તોએ સત્સંગસભાના હૉલમાં ભેગા મળી અન્નકૂટ ઉત્સવ ઊજવીને અદ્‌ભુત ભક્તિ અદા કરી. સ્થાનિક બહેનોએ ભાવથી વિવિધ વાનગીઓ બનાવી અને યુવાન ગૃહસ્થ ભાઈઓએ કલાત્મક રીતે તે વ્યંજનોને પ્રભુ સમક્ષ ગોઠવવાની સુંદર સેવા કરી. આ પ્રસંગે અનુપમ મિશન, અમેરિકાના પ્રમુખ ડૉ. જિતુભાઈ પટેલ તથા ડૉ. વીરેન્દ્રભાઈ પટેલ આદિ વડીલો ઉપસ્થિત રહ્યા. લૉસ ઍન્જલસથી પણ ભક્તોએ પધારી ઉત્સવનો લાભ લીધો. સ્થાનિક ભક્તોએ આ ઉત્સવમાં પધારી



સાન ફ્રાન્સિસ્કો, અમેરિકામાં ભક્તો દ્વારા અન્નકૂટ ઉત્સવમાં ભક્તિઅર્ઘ્ય અર્પણ

સત્સંગલાભ મેળવ્યો અને ભક્તિ વહાવી. વિવિધ થાળનાં ભાવવાહી ગાન કરીને શ્રી ઠાકોરજીને જમાડ્યા અને અંતે આરતી અર્પણ કરી. સૌએ સંપ, સુહૃદભાવ અને એકતાથી ભેગાં મળીને ખૂબ સેવાઓ કરી, સ્મૃતિઓ મેળવી આનંદ માણ્યો. ◆

**મિશિગન, યુ.એસ.એ.:** મિશિગન મંડળના ભક્તોએ ભેગા થઈને શનિવાર, ૯ નવેમ્બર ૨૦૨૪ના રોજ ભક્તિભાવથી અન્નકૂટોત્સવની ઉજવણી કરી. મંડળનાં બહેનોએ ખૂબ ભાવથી વિવિધ વાનગીઓ તૈયાર કરી અને સૌ ભક્તોએ સાથે મળીને શ્રી ઠાકોરજીના ચરણે વાનગીઓ ગોઠવી. ભક્તોએ કીર્તનગાન અને થાળનાં ભાવભર્યાં ગાન કર્યાં. ભેગાં મળીને ભક્તિ કર્યાનો તથા નવા વર્ષનાં વધામણાં કરી આનંદ પામ્યાનો સૌએ અનેરો અનુભવ કર્યો. અન્નકૂટ ઉત્સવ નિમિત્તે આરતી અર્પણ કરી. અંતે સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને સંતભગવંત સાહેબજીના નવા વર્ષના વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કરી સૌએ ધન્યતા અનુભવી.

**અલાબામા, યુ.એસ.એ.:** રૂપલબહેન અને નીકેશભાઈના નિવાસસ્થાને અલાબામા મંડળના ભક્તો અને પ્રથમ વખત જ સંપર્કમાં આવેલા મુમુક્ષુઓએ ભેગા મળીને અન્નકૂટ ઉત્સવની ઉજવણી કરી. નજીક વસતાં બહેનો કે જેઓએ હજી સંતભગવંત સાહેબજીનાં પ્રત્યક્ષ દર્શન પણ નથી કર્યાં તેમને પણ તેઓની મૂર્તિનાં દર્શને અપાર સ્નેહ ઉપજ્યો અને તેથી તેઓ છેલ્લાં પાંચ વર્ષથી અન્નકૂટ ઉત્સવમાં સહભાગી થાય છે. આમ, સૌ ગૃહસ્થો અને દીકરા-દીકરીઓએ ભેગાં મળીને ઉત્સવની સુંદર ઉજવણી કરી. અનસૂયાબા, રૂપલબહેન અને કુંતીબહેને ભેગાં મળીને થાળની વાનગીઓ બનાવવાની અદ્‌ભુત સેવાઓ કરી. મુખ્ય મહેમાન ડૉ. અમિતભાઈ વોરા પણ આમંત્રણને માન આપી

દર્શનાર્થે પધાર્યા. રૂપલબહેનના દીકરા જયે પ્રેઝન્ટેશન બનાવી ઉત્સવ મહિમા સમજાવ્યો અને સભાસંચાલન કર્યું. સભામાં જયનાં માર્ગદર્શન મુજબ સ્થાનિક દીકરા-દીકરીઓએ હિન્દુ ધર્મ મુજબ દિવાળીની ઉજવણી, શાકાહારનાં મહત્ત્વ અને એકાદશીનાં મહત્ત્વ અંગે વક્તવ્ય આપ્યાં. સભામાં નાનાં બાળકો માટે સર્જનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું. ◆

**સિડની, ઑસ્ટ્રેલિયા :** ૧૦ નવેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ સિડનીમાં ભક્તોએ કૉમ્યુનિટી હૉલમાં ભેગા મળીને શ્રી અન્નકૂટ ઉત્સવની ભવ્ય ઉજવણી કરી. શ્લોકગાન બાદ સૌ અક્ષરમુક્તોએ થાળનાં ગાન કરી, જાતે બનાવેલ વાનગીઓ પ્રભુને ધરાવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના ફોન દ્વારા આશીર્વાદ પ્રાપ્ત થયા. દીપેનભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યું. જાસ્મિનભાઈએ સભાસંચાલન કર્યું તેમજ સૌ સેવકોનો અને ઉપસ્થિત ભક્તોનો આભાર માન્યો. આરતી અર્પણ કરી સૌએ ધન્યતા અનુભવી. ◆

**બ્રિસબૅન, ઑસ્ટ્રેલિયા :** સંતભગવંત સાહેબજીની કૃપાથી ૨૭ ઑક્ટોબર ૨૦૨૪ના રોજ ઑસ્ટ્રેલિયાના બ્રિસબૅન મંડળના સૌ હરિભક્તોએ ભેગા મળીને શ્રી લક્ષ્મી પૂજન અને શ્રી શારદા પૂજન કર્યાં. આ પૂજનમાં નાનાં બાળકોથી લઈને વડીલ ગૃહસ્થોએ ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો. હૃદયમાં સંતભગવંત સાહેબજીનો મહિમા સ્થાપી, ઉત્સાહ-ઉમંગ સાથે અને સંપ, સુહૃદભાવ, એકતા રાખી સમૈયાની અદ્‌ભુત ઉજવણી કરી બ્રહ્માનંદ કર્યો. આ સમગ્ર પ્રસંગ દરમિયાન સૌને સંતોનાં માર્ગદર્શન અને આશીર્વાદ પ્રાપ્ત થયાં.



ઑસ્ટ્રેલિયાના સિડની મંડળનો ભક્તો દ્વારા અન્નકૂટ ઉત્સવની ઉજવણી

૧૦ નવેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ કૉમ્યુનિટી હૉલમાં સૌ હરિભક્તોએ ભેગા મળીને શ્રી ઠાકોરજીને અન્નકૂટ ધરાવ્યો. બહેનોએ વિવિધ પ્રકારની વાનગીઓ જાતે તૈયાર કરી શ્રી ઠાકોરજીને ભાવ અર્પણ કર્યો. અન્નકૂટની સભામાં અમેરિકાથી પધારેલ મનીષાબહેન, નીલેશભાઈ તથા ઑસ્ટ્રેલિયાના જીનેશભાઈ અને નિમિષાબહેને થાળનાં ગાન કરી શ્રી ઠાકોરજીને જમાડ્યા. ત્યારબાદ ધ્રુવાંગ અને ભૂમિએ મહિમાગાન કર્યું. વત્સલભાઈ અને મેઘાબહેને સભાસંચાલન કર્યું. મંડળનાં બાળકોએ નૃત્યભક્તિ દ્વારા શ્રી ઠાકોરજીને પોતાના ભાવ અર્પણ કર્યા. નિમિષાબહેનની આગેવાની હેઠળ બિંદીબહેન તથા પૂર્વીબહેને બાળકોને સાચવવાની અને તેમને તૈયાર કરવાની સેવા ખૂબ ભાવપૂર્વક કરી. આ સભામાં સૌએ સંતભગવંત સાહેબજી તથા સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીના વિડિયો આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ◆

## દેશ-પરદેશનાં કેન્દ્રોમાં શાકોત્સવ

**બ્રહ્મજ્યોતિ, મોગરી :** દેવ ઊઠી અગિયારસ, ૧૨ નવેમ્બર ૨૦૨૪ના રોજ તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં શાકોત્સવની ઉજવણી કરાઈ. 'મંદિર નિર્માણ આજ્ઞા હીરક જયંતી' વર્ષને કેન્દ્ર સ્થાને રાખી સાધુ પૂ. રમેશદાસજી-ઝાનાં માર્ગદર્શને યુવાન-યુવતીઓએ શાકભાજીની કલાત્મક ગોઠવણી કરી ભક્તિ અદા કરી. વિવિધ શાકભાજીમાંથી નયનરમ્ય અને મંત્રમુગ્ધ કરી દે તેવી કલાકૃતિનાં સર્જન કરીને ભક્તોએ સુંદર ગુરુભક્તિ અદા કરી. સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજીએ ઉત્સવમહિમા વર્ણવ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ગુરુને પ્રસન્ન કરવાના ભાવથી અર્પણ થયેલી સૌની ભક્તિને બિરદાવી. સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પણ આશિષ પ્રદાન કરી સૌની ભક્તિની સરાહના કરી.

સંતભગવંત સાહેબજીએ આશીર્વાદમાં સૌ સંતો-સેવકોને ધન્યવાદ પાઠવી મંદિરનિર્માણ આજ્ઞાનાં ૬૦ વર્ષ પૂર્વે બનેલા પ્રસંગની સ્મૃતિ કરી. તેમજ સૌમાં નિર્દોષબુદ્ધિ રાખવા રૂપી તપ કરવા આજ્ઞા કરી. સૌ સંતોએ મંત્રપુષ્પાંજલિ અર્પણ કરી અને અંતે આરતી અર્પણ કરી. ભાવિક ભક્તો શ્રી ઠાકોરજીને ધરાવેલ પ્રાસાદિક શાકભાજી મેળવી કૃતાર્થ થયા. ◆

**ઉપાસના ધામ, સુરત :** ૧૨ નવેમ્બર ૨૦૨૪, દેવ ઊઠી એકાદશી, મંગળવારના રોજ ઉપાસના ધામ, સુરત ખાતે શાકોત્સવની ભક્તિભીની

ઉજવણી કરવામાં આવી. સ્થાનિક ભક્તોએ તાજાં શાકભાજી અને ફળોને સ્વચ્છ કરી, કલાત્મક શૈલીમાં પ્રભુ સમક્ષ ગોઠવી ભક્તિ અદા કરી. દિશાબહેન, દીપ્તિબહેન (યુ.એસ.એ), ચંદ્રિકાબહેન સુખડિયા આદિએ પ્રાસંગિક મહિમાગાન કર્યું. સમજુબા અને સાધુ પૂ. કાનજીદાસજીએ આશીર્વાદ વરસાવી સૌની ભક્તિને બિરદાવી. સમૂહમાં સૌએ મંત્ર-પુષ્પાંજલિ અને આરતી અર્પણ કરી. તૃપ્તિબહેન પટેલે ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કર્યો. ◆

❁ **ઉપાસના ધામ, વેમાર :** ૧૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ ઉપાસના ધામ, વેમાર ખાતે નવેમ્બર માસની કીર્તન આરાધના સાથે શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું. આ ઉત્સવમાં અનુપમ મિશન, મોગરીથી સાધુ પૂ. સતીશદાસજી અને પૂ. ઉત્પલદાસજી પધાર્યા. 'મંદિર નિર્માણ આજ્ઞા હીરક જયંતી' વર્ષના ભાવ સાથે શાકોત્સવમાં સુંદર સુશોભન અને કલાત્મક ગોઠવણી કરી. શ્રીજી મહારાજે લોયાધામમાં સ્વહસ્તે ૬૦ મણ રીંગણના રવૈયાનું શાક બનાવીને સૌ પ્રથમ શાકોત્સવની ઉજવણી કરી હતી એની સ્મૃતિ શાકોત્સવની ગોઠવણીમાં પ્રસ્તુત કરાઈ.

આ પ્રસંગે શ્રી ઠાકોરજી અને સંતો-વડીલ ભક્તોનું પૂજન કરી પુષ્પહાર દ્વારા સ્વાગત કરાયાં. સૂરવૃંદે સુંદર ભજનો ગાઈ, ભક્તિમાં અને ગુરુની સ્મૃતિમાં સૌને તરબોળ કરી દીધાં. વડીલ માવતર ચંદ્રકાંતભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન કર્યું તેમજ સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. સતીશદાસજીએ આશીર્વાદ વરસાવી સૌ ભક્તોની ભક્તિને વંદન કરી રાજીપો દર્શાવ્યો. શાકોત્સવની આરતી બાદ ઉત્સવના આનંદની દિવ્ય સ્મૃતિ લઈને સૌ વિસર્જિત થયાં. ◆

❁ **ઍલનટાઉન :** ૧૬ નવેમ્બર ૨૦૨૪ના રોજ અમેરિકા સ્થિત ઍલનટાઉન મંદિરે શાકોત્સવની ઉજવણી ખૂબ ભક્તિભાવપૂર્વક થઈ. સાધુ પૂ. નરેન્દ્રદાસજી, પૂ. કૌશિકદાસજી, પૂ. અરવિંદદાસજી, પૂ. જયેશદાસજી અને પૂ. આશિષદાસજીનાં માર્ગદર્શન હેઠળ બાળકો, યુવાન-યુવતીઓએ ભેગાં મળી 'મંદિર અને સંતનો યોગ અપાવે પ્રભુ પ્રસન્નતા' થીમ પર ભાતભાતનાં શાકભાજીને ખૂબ સુંદર રીતે સુશોભિત કરી શ્રી ઠાકોરજીના ચરણોમાં ધર્યાં. અનિલભાઈએ જુદાં જુદાં શાકભાજીના ગુણોનાં વર્ણન કર્યાં અને અનુપમ સૂરવૃંદના સંતો-ભક્તોએ ધૂન-ભજન ગાઈ શાકોત્સવનો પ્રારંભ કર્યો. આ દિવ્ય અવસરે ચેતનભાઈ, કેતનભાઈ અને સાધુ પૂ. જયેશદાસજીએ સુંદર મહિમાગાન કર્યાં. સાધુ પૂ. નરેન્દ્રદાસજીએ આશીર્વાદમાં શાકોત્સવનો મહિમા વર્ણવ્યો અને સૌ સેવકોની સેવા-ભક્તિને બિરદાવી. અંતે શાકોત્સવની આરતીનો સૌએ સમૂહમાં લાભ લીધો. ◆

## श्री स्वामिनारायण मंदिर पाटोत्सव, गुरगौला

संत भगवंत साहेबजी महाराज की प्रेरणा से, पूर्व चीफ कमिशनर श्री के. सी. सिंह साहब के वतन उत्तर प्रदेश के छोटे से गाँव गुरगौला में २३ वर्ष पहले भगवान श्री स्वामिनारायण के मंदिर जी का निर्माण हुआ। तब से श्री के. सी. सिंह साहब की सुपुत्री निलम सिंह-सत्येन्द्र सिंह, मंदिर जी की सेवा में आ गए। मंदिर परिसर में रोज आरती, महापूजा, 'वचनामृत', 'स्वामी की बातें' और 'शिक्षापत्री' का पठन, साप्ताहिक सत्संग सभा, बाल सभा, युवती सभा का आयोजन किया जाता है। गुरगौला में साहेबजी फाउन्डेशन नामक पब्लिक चेरिटेबल ट्रस्ट का भी गठन हुआ है। जिनके द्वारा हर माह, दो बार मेडिकल कैम्प लगाया जाता है और आस-पास के सभी गाँव के लोगों का निःशुल्क इलाज किया जाता है और मुफ्त में दवाएं प्रदान की जाती हैं।

हर वर्ष देव दीपावली के दिन, श्री स्वामिनारायण मंदिर, गुरगौला में पाटोत्सव तथा वार्षिक महोत्सव मनाया जाता है जिसमें अनुपम मिशन, गुजरात से, संतभगवंत साहेबजी महाराज अपने तपोनिष्ठ संतों को गुरगौला गाँव भेजते हैं। इस वर्ष, दिनांक १२ नवंबर २०२४ को साधु पू. राजूदासजी, जो की उत्तर प्रदेश के प्रादेशिक संत भी हैं, साधु पू. संदीपदासजी, पू. रमेशदासजी तथा पू. नीरवदासजी पधारे। शाम को प्रयागराज मे श्री के.सी. सिंहजी-प्रेमलताजी के निवास स्थान पर संतों



વ્રતધારી સંતો દ્વારા ગુરગૌલા સ્થિત મંદિરજીનાં પાટોત્સવ પૂજનયજ્ઞ

के स्वागत और सत्संग की सभा का आयोजन किया गया, जहाँ डॉ. शार्दूल सिंह-मंजु सिंह, के. के. सिंह भी अपने परिवार के साथ सम्मिलित हुए।

दूसरे दिन १३ नवंबर २०२४ को संत गण, गुरगौला गाँव के लिए प्रस्थान किए जहाँ भक्तों ने उनका स्वागत सत्कार किया। स्वागत सभा में युवती मण्डल ने स्वागत गीत के रूप में भक्ति भाव प्रस्तुत किया। शाम को संत गण की गाँव में पधरामनी के बाद पुनः सभा का आयोजन किया गया जिसमें के.सी. सिंह साहब द्वारा महिमागान किया गया और साधु पू. राजूदासजी तथा पू. रमेशदासजी द्वारा आशीर्वचन दिए गये। सभा के उपरांत, साधु पू. संदीपदासजी के साथ गोष्ठी सभा में भक्तों के प्रश्नों और संशयों का हल प्रदान किया गया।

१४ नवंबर २०२४ की सुबह संत गण की गाँव मे श्री राम नरेश सिंह, श्री रावेन्द्र सिंह-सुपुत्रीयाँ मालती, अंकिता, आकांक्षा, अनुपमा, खुशबू के निवास स्थान पर पधरामनी के बाद शाम को स्थानिक युवती तथा बाल मण्डल द्वारा सांस्कृतिक कार्यक्रम और भजन संध्या का आयोजन किया गया। दिल्ली से पधारे हुए श्री वालिया साहब और साधु पूज्य राजूदासजी ने भी भजन गायें और भक्तों को कृतार्थ किया ।

१५ नवंबर २०२४ के मंगलमय दिवस पर यज्ञ का आयोजन किया गया जिसमें ४ युगल यजमान रूप मे विराजमान हुए। यज्ञ के पुरोहित साधु पू. राजूदासजीके मंत्रों के उच्चार से समस्त गाँव मे दिव्यता का गुंजारव हो गया। जहाँ एक तरफ यज्ञ का अनुष्ठान हो रहा था, वहीं दूसरी ओर, साधु पू. संदीपदासजी तथा पू. रमेशदासजी, भगवान स्वामिनारायण का पाटोत्सव पूजन कर रहे थे। पाटोत्सव पूजा के उपरांत पाटोत्सव सभा हुई, जिसमें अनेकों गणमान्य व्यक्ति विद्यमान थे, जैसे की, श्रीद्ध करन सिंह पटेल (पूर्व M.L.A., बिंदकी, फतेहपुर), श्री चंद्रभान सिंह (अडिशनल ज़िला पंचायत ऑफिसर, प्रयागराज), श्री हीरा मनि पटेल (सहायक अभियंता, अमेठी सुल्तानपुर), श्री अरिमर्दन सिंह (C.D.O., रिटायर्ड), श्री बीरेंद्र सिंह (पूर्वकार्यकारी अभियंता, C.P.W.D.), श्री फूलचंद्र सिंह (लेक्चरर) तथा श्री A.L.सिंह, (असिस्टन्ट सेल्स टैक्स कमिशनर) । पाटोत्सव सभा का प्रारंभ धून तथा सरस्वती वंदना से हुआ जिसके बाद सभी का स्वागत, अभिवादन श्री के. सी. सिंह साहब ने किया। विद्यार्थियों को प्रोत्साहित करने के लिये, संतों एवं विशेष अतिथिगणों द्वारा स्वामिनारायण प्रतिभा खोज पुरस्कार योजना तथा अनुपम छात्रवृत्ति योजना के अंतर्गत कक्षा ६ से लेकर १२ तक के विजयी विद्यार्थियों को, प्रतिभावान प्रमाणपत्र देकर पुरस्कृत किया गया और ६, ९ और ११ के सभी विद्यार्थीमें से २-२ विद्यार्थियों को छात्रवृति प्रदान की गई और सम्मानित किया गया । यह दोनों योजनाओं के संचालन में पायल सिंह, शगुन सिंह, दर्शन सिंह, मनु सिंह तथा परम सिंह का विशेष योगदान रहा। पाटोत्सव पूजन और पाटोत्सव सभा के उपरांत, भगवान को अन्नकूट धराया गया जिसमें थाल और अन्नकूट आरती गाई गई। अन्नकूट में अनेकों खाद्य व्यंजन, गाँव के भक्त अपने हाथों से बना कर लाये। संतोंने सभी भक्तों की भक्ति की सराहना की और आशीर्वाद प्रदान किये ।



ગુરગૌલામાં સાહેબજી ફાઉન્ડેશન દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનાં સન્માન

१६ नवंबर २०२४ को, संत गण चित्रकूट धाम दर्शन के लिये प्रस्थान किये। तीर्थ यात्रा सम्पन्न कर, शाम को गुरगौला गाँव पुनः पधारे और श्री रामराज पांडे-सुपुत्री नेहा, मलचंद्र जी-राम सँवारी देवी-सुपुत्री प्रतिमा, इंद्रनारायणजी, ज्ञान सिंह आदि भक्तों के घर पधरामनी के लिये पधारे । १७ नवंबर २०२४ की सुबह, संत गण ने, गुरगौला गाँव से प्रस्थान कर, जाम नामक गाँव में श्री कृष्ण (केसन)सिंह के निवास स्थान पर पधरामनी की । वहाँ से प्रयागराज में श्री चंद्रभान सिंह (अडिश्नल डिस्ट्रिक्ट पंचायत ऑफिसर, प्रयागराज) के निवास स्थान पर पधारकर पूजन आरती की। १८ नवंबर २०२४ को संत गण, श्री के. सी. सिंह, उनके परिवार तथा गाँव से आए हरिभक्तों के साथ अयोध्या तथा छपिया तीर्थ यात्रा के लिए निकले। अयोध्या पहुँचने पर सबसे पहले, स्वामिनारायण मंदिर में भगवान के दर्शन कर, सभी ने प्रसाद ग्रहण किया। इसके बाद राम लला के दर्शन के लिए राम मंदिर गये जहाँ प्रभु श्री राम के भव्य दर्शन कर सभी भाव विभोर हुए।

१९ नवंबर २०२४ को सभी लोग, भगवान स्वामिनारायण के जन्म स्थान, छपिया धाम पहुँच कर घनश्याम महाराज के दर्शन कर, सब ने खुद को अति भाग्यशाली जाना। दर्शन पश्चात्, महाराज के सभी लीला स्थलों पर भक्तों को साथ ले, संत गण दर्शन करने पधारे जहाँ स्थानिक युवक भानु प्रताप सिंहजी ने सभी का मार्गदर्शन किया।

२० नवंबर २०२४, इस तीर्थ यात्रा का आखिरी दिन था। जिन लीलास्थलों के दर्शन बाकी थे, उन सभी स्थानों का दर्शन कर, श्री भानु प्रताप सिंह जी के निवास स्थान पर संत गण आशीर्वाद देने पधारे। इसके पश्चात, पुनः छपिया मंदिर पहुँच कर, महाराज की मूर्ति के समक्ष बैठकर धून की। प्रभु चरणों में, प्रभु वंदन कर, संत गण शाम की ट्रेन से, छपिया स्टेशन से गुजरात की ओर प्रस्थान किये। ◆

## નાની વાવડી મંદિરનો પાટોત્સવ

૨૯ નવેમ્બર ૨૦૨૪, શુક્રવારના રોજ મોરબીના નાની વાવડી સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૩મો પાટોત્સવ સાધુ પૂ. ગૌતમદાસજી, પૂ. પંકજદાસજી, પૂ. અશોકદાસજી, પૂ. દિનેશદાસજી, પૂ. જિજ્ઞેશદાસજીનાં સાંનિધ્યમાં ઊજવવામાં આવ્યો. ધરતીબહેને સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા. સાધુ પૂ. અશોકદાસજીએ પાટોત્સવ મહાપૂજા વિધિ કરાવી. યજમાનોએ પણ અત્યંત ભાવથી પાટોત્સવ પૂજન વિધિ કરી.

વડીલ અક્ષરમુક્ત થોભણભાઈએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં. સાધુ પૂ. અશોકદાસજી, પૂ. ગૌતમદાસજી અને સાધુ પૂ. પંકજદાસજીએ આશીર્વાદ વરસાવી સૌને સત્સંગલાભ પ્રદાન કર્યો. અંતે અન્નકૂટ અર્પણ કરીને સૌ ભક્તોએ ભક્તિના ભાવ ધર્યા. સંતભગવંત સાહેબજી અને



અમદાવાદ પ્રદેશના ભક્તો દ્વારા યોજિત સ્વાગતોત્સવમાં સાહેબજીનાં આશીર્દાન

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ ફોન દ્વારા આશીર્વાદ વરસાવી સૌને કૃતાર્થ કર્યાં. ખૂબ મોટી સંખ્યામાં ભક્તોએ પધારી સત્સંગ, સમાગમ અને ઉત્સવ આનંદને માણ્યો. ◆

## અમદાવાદ પ્રદેશમાં સંતભગવંત સાહેબજી સ્વાગત ઉત્સવ

સંતભગવંત સાહેબજી પરદેશની ધર્મયાત્રા બાદ પધાર્યા હોઈ અમદાવાદ પ્રદેશના સૌ ભક્તો દ્વારા ૧ ડિસેમ્બર ૨૦૨૪, રવિવારના રોજ ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલા ટાઉનહૉલ ખાતે તેઓનો ભવ્ય સ્વાગત ઉત્સવ ઉજવાયો. સંતભગવંત સાહેબજીની સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. મનોજદાસજી તેમજ સંતો પધાર્યા, જેનો સૌનાં હૈયે અનેરો આનંદ હતો. સંતભગવંત સાહેબજી પધાર્યા ત્યારે સ્ટેજ સુધીના પથ પર બંને તરફ ભક્તોએ ઊભા રહીને ધજાપતાકા, પ્લેકાર્ડ્સ, તાળીઓ અને જયનાદ સાથે તથા યુવકો અને યુવતીઓએ વિશિષ્ટ રીતે નૃત્યભક્તિ દ્વારા અદ્‌ભુત સ્વાગત કર્યાં, પૂજન અને પુષ્પાર્પણ કરી સૌને આવકાર્યા. ભક્તિરૂપે અર્થસભર કૉમેન્ટ્રી, એલ.ઈ.ડી પ્રૅઝન્ટૅશન અને ભાવનૃત્ય સાથે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ બાળકો, યુવતી મંડળ અને ભાભી મંડળે અર્પણ કર્યો. સ્ક્રિપ્ટલેખન, રૅકોર્ડિંગ, એલ.ઈ.ડી. ગ્રાફિક પ્રૅઝન્ટૅશન તથા કૉરિયોગ્રાફીની સેવા કરનાર યુવાન-યુવતીઓને સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ પુષ્પાર્પણ કરી બિરદાવ્યાં.

ત્યારબાદ સંતભગવંત સાહેબજી સાથે સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિકાકા, પૂ. મનોજદાસજી, સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી, સાધુ પૂ. હિંમત સ્વામીજી, પંકજભાઈ પટેલ, નરસિંહદાદા અને સુરેન્દ્રભાઈ (યુ.કે) મંચ પર બિરાજ્યા અને સભાનો પ્રારંભ થયો. ગાંધીનગર, સાઠંબા, અને દહેગામ મંડળ વતી ભક્તોએ પુષ્પહાર અર્પણ કરી મંચસ્થ સૌનાં સ્વાગત કર્યાં.

સ્વાગત પ્રવચન તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન સાધુ પૂ. સતીશદાસજીએ કર્યું. પ્રાસંગિક માહાત્મ્યદર્શન ચૂનીદાદા અને ઘનશ્યામભાઈએ કર્યું. આ પ્રસંગે અ.નિ. વડીલ સાધુ પૂ. રજનીદાસજીના જીવન પર આધારિત 'પ્રકાશયાત્રા' અને 'ઉપવન મહિમાનું' નામે બે ગ્રંથોનાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા દ્વારા કરવામાં આવ્યાં. આ ગ્રંથના પરિચય આપી લેખનયાત્રા વિષે સાધુ પૂ. ગૌતમદાસજીએ ઉદ્‌બોધન કર્યું. ગ્રંથના લેખનની સેવા કરનાર અમદાવાદનાં સુચેતાબહેનની સેવાને વધાવી

અને અભિનંદન પાઠવી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજીએ અભિવાદન કર્યાં. શ્રાવણ માસ દરમિયાન અમદાવાદ પ્રદેશની યુવતીઓ દ્વારા પાંચ ટીમ બનાવી અમદાવાદ પ્રદેશમાં વિવિધ મંડળોમાં ભક્તોના ઘરે ઘરે જઈ ૨૦૧ મહાપૂજા કરી તેની જે સેવા એકત્ર થઈ, તે યુવતીઓ દ્વારા સંતભગવંત સાહેબજીને અર્પણ કરવામાં આવી.

સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ અને સંતભગવંત સાહેબજીએ અત્યંત રાજીપો બતાવી, સૌની ભક્તિને બિરદાવી રૂડા આશીર્વાદ પ્રદાન કર્યા તેમજ સત્સંગ-સમાગમનું અલભ્ય સુખ આપી, અનેક સ્મૃતિઓ આપી. આ પ્રસંગે અમદાવાદ, ગાંધીનગર, દહેગામ તથા ઉત્તર ગુજરાતના ભક્તોએ સ્વાગતોત્સવનો લાભ લીધો. સમગ્ર ઉત્સવસભાનું સંચાલન ચેતનભાઈ વ્યાસે કર્યું. ◆

## યોગી વિદ્યાપીઠનાં ગૌરવ

**શારદા મંદિર, નડિયાદ :** પ્રભુ શ્રી મહાવીર સ્વામીના ૨૫૫૦મા નિર્વાણ કલ્યાણક ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા સમર્થિત અને અધ્યાત્મ પરિવાર દ્વારા રાજ્યકક્ષાએ સિનિયર અને જુનિયર એમ બે વિભાગમાં યોજાયેલ નિબંધલેખન સ્પર્ધામાં શારદા મંદિર, નડીઆદના ધોરણ-૭ના વિદ્યાર્થી ગોહિલ દક્ષરાજસિંહ જુનિયર વિભાગમાં સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમાંકે વિજેતા બનતાં આયોજક સંસ્થા તરફથી ટ્રૉફી, પ્રમાણપત્ર ઉપરાંત રૂ. પાંચ લાખનો રોકડ પુરસ્કાર ઍનાયત કરવામાં આવ્યો. માતા-પિતા અને શિક્ષકોએ સીંચેલા સંસ્કારો તથા ચિ. દક્ષરાજે કરેલા પુરુષાર્થ બદલ અભિનંદન ! ધન્યવાદ ! તેવી જ રીતે જુનિયર વિભાગમાં ધોરણ-૭ની વિદ્યાર્થિની પટેલ ખુશાલીએ તાલુકામાં પ્રથમ ક્રમાંક તથા ધોરણ-૬ની શ્રીમાળી તત્સવીએ તાલુકામાં દ્વિતીય ક્રમાંક, સિનિયર વિભાગમાં ધોરણ-૧૨ના પટેલ કુંજે જિલ્લામાં પ્રથમ ક્રમાંક તેમજ પ્રજાપતિ દિશાએ તાલુકામાં પ્રથમ ક્રમાંક અને પરમાર સમર્થે તાલુકામાં દ્વિતીય ક્રમાંક સાથે પુરસ્કાર પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.


દક્ષરાજસિંહ

**શ્રીમતી વી.પી.જી. કન્યા વિદ્યાલય, ધારી :** બાબરિયા જાનવી, ચોટલિયા શ્રેયા અને સોલંકી ઊર્મિલાએ તાલુકા કક્ષાએ અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવી, પુરસ્કાર પ્રાપ્ત કરી શાળાને સિદ્ધિ અપાવી છે. સૌને અભિનંદન ! ◆

## સંતો વિદેશની ધર્મયાત્રાએ

યોગીજી મહારાજ કહેતા કે, 'સાધુ તો ચલતા ભલા !' તેઓની આ ઉક્તિ પાછળની ભાવના હતી કે, પ્રભુનું કાર્ય કરવા, ભક્તિનો સંદેશ ફેલાવવા સાધુ દિન-રાત વિચરણ કરે છે. તે અનુવૃત્તિ અનુસાર સંતભગવંત સાહેબજી, સદ્‌ગુરુ સંતો અને અનુપમ મિશનના વ્રતધારી સંતો પણ ભગવદ્ કાર્ય માટે દેશ-પરદેશમાં સતત પ્રવૃત્ત રહે છે. હાલમાં સંતભગવંત સાહેબજીની આજ્ઞા ઝીલી સદ્‌ગુરુ સાધુ પૂ. મનોજદાસજી અને યુવાન સાધુ પૂ. રવિદાસજી અમૅરિકામાં યોજાનાર યોગી યૂથ લીડરશિપ રિટ્રીટના શિબિરાર્થીઓને તથા ભક્તોને સત્સંગલાભ પ્રદાન કરવા ધર્મયાત્રાએ પધાર્યા. તેમજ વડીલ સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. ગૌતમદાસજી અને યુવાન સાધુ પૂ. નીરવદાસજી ઈંગ્લૅન્ડના ભક્તોને સત્સંગ-સમાગમનું સુખ આપવા પધાર્યા. આ સૌ સંતોને 'અક્ષરમહોલ' ખાતે ૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ યોજિત વિદાય-મિલન સભામાં શુભેચ્છાઓ પાઠવી સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ પ્રદાન કર્યા. ◆

## શ્રદ્ધાંજલિ



*** પૂ. વિમળાબહેન પટેલ :** સંતભગવંત સાહેબજીના મોટા ભાઈ રમેશભાઈ પટેલનાં ધર્મપત્ની પૂ. વિમળાબા ૧૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યાં. જીવનપર્યંત તેઓએ મહિમાભરી સેવાઓ કરીને પ્રભુ અને પ્રભુસ્વરૂપો પ્રત્યેની ભક્તિ અદા કરી. ગુરુદેવ પ.પૂ. યોગીજી મહારાજ, પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ, પૂ. મહંત સ્વામી મહારાજ, સંતભગવંત સાહેબજી અને તેઓના ભક્તોમાં નિર્દોષભાવ રાખી એકધારી સેવાઓ કરી. તેઓને રસોઈ બનાવી શ્રી ઠાકોરજી, સંતો-ભક્તોને જમાડવાના ખૂબ ભાવ હતા, તેથી સંતો-ભક્તોની તેઓએ અહોરાત્ર સેવા કરી. સત્પુરુષના વચનમાં વિશ્વાસ મૂકી, સેવાભક્તિના ઉમંગે સમર્પણ કર્યાં. સત્‌શાસ્ત્રના સ્વાધ્યાયના નિયમને તેઓએ અંતિમ શ્વાસ સુધી પાળ્યો. ભક્તિ, સેવા અને સમર્પણના આવા જ સંસ્કારો તેઓનાં સંતાનો રાજાભાઈ, સતીશભાઈ અને અમિતાબહેનને પણ આપ્યા, જેના પરિણામે તેઓ સૌ સત્સંગમાં સક્રિય થઈ, સત્સંગનાં કાર્યોનું સુકાન સંભાળી રહ્યાં છે. આવા પરમ અક્ષરમુક્ત પૂ. વિમળાબાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ ! ◆

**પૂ. હરિકૃષ્ણભાઈ ગોગારી :** પરમ ભગવદીય અક્ષરમુક્તો પૂ. કાનજીકાકા અને ગંગાબાના મોટા સુપુત્ર તથા સાધુ પૂ. રમેશદાસજી (લોથાર)ના મોટા ભાઈ સમર્પિત ગૃહસ્થ અક્ષરમુકત પૂ. હરિકૃષ્ણભાઈ ગોગારીનું ૨૮ નવેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરધામગમન થયું. તેઓએ સંતભગવંત સાહેબજીમાં જીવની પ્રીતિ કરી અનુપમ મિશનના પાયામાં હોમાઈને સત્સંગની ખૂબ સેવાઓ કરી. સંતો સાથે કર્મયોગ સાધના મંદિરમાં સેવાપ્રવૃત્ત રહ્યા અને સંતો સાથે ખભેખભા મિલાવી સેવા-શ્રમયજ્ઞમાં જોડાયા. સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદા સાથે તેઓને અનેરો પ્રેમ હતો તેથી તેઓની પ્રત્યેક આજ્ઞાઓ અધ્ધર ઝીલતા. 'બ્રહ્મનિર્ઝર માટે પણ તેઓની સેવા અમૂલ્ય રહી. સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદાની આજ્ઞાથી સંતભગવંત સાહેબજીનાં રેકોર્ડેડ આશિષ પ્રવચનો સાંભળી તેને નોટમાં લખવાની અદ્‌ભુત સેવા દસથી વધુ વર્ષો સુધી તેઓએ સતત કરી, જેને પરિણામે 'સંતભગવંત સાહેબજીની છે માહાત્મ્યસભર વાણી સદા' લેખમાળામાં અનેક પ્રવચનો સમાવી શકાયાં. તેઓનાં ધર્મપત્ની યશોદાબહેને પણ આ સમર્પણભાવમાં ખૂબ સહકાર આપ્યો. મંદિરને પોતાનું ઘર અને સંતોને પોતાના પરિવારજનો માનીને આજીવન બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે જ રહી સેવાઓ કરી. આવી ભક્તિએ પરિણામે છતી દેહે સંતભગવંત સાહેબજી અને સંતોનો રાજીપો મેળવી લીધો. આવા દિવ્ય અક્ષરમુક્તને વિદાયવેળાએ પ્રણામ અને ભાવવંદન ! ◆



॥ સ્વામિશ્રીજી ॥



# ॥ નિમંત્રણ ॥

## શ્રી વડતાલધામ પદયાત્રા

શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દિવ્ય દર્શનાર્થે

**સંતભગવંત સાહેબજી**

અને સદ્‌ગુરુ સંતોનાં પરમ સાંનિધ્યે

આયોજિત '**શ્રી વડતાલધામ પદયાત્રા**'માં જોડાઈ

ભક્તિરસનો અલભ્ય લહાવો માણવા પધારો !

| | | |
|---|---|---|
| તારીખ | : | ૨૯ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર |
| પદયાત્રા શુભારંભ સ્થળ | : | બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, મોગરી. |
| પદયાત્રા શુભારંભ સમય | : | પ્રાત: કાળે ૪:૩૦ વાગ્યે |
| સભા સમય | : | સવારે : ૭:૩૦ વાગ્યે |
| સભાસ્થળ | : | શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, શ્રી વડતાલધામ |

<u>સંપર્ક :</u> * સાધુ પૂ. યજ્ઞેશદાસ : મો. ૯૮૨૪૦ ૫૦૨૬૦,
* સાધુ પૂ. શ્રેયસદાસ : મો. ૯૬૨૪૭ ૬૩૦૯૯

નોંધ : આપ શનિવાર, ૨૮ ડિસેમ્બર ૨૦૨૪ના દિવસે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પધારશો તે વધુ હિતાવહ રહેશે. આપનાં આગમન તેમજ પ્રસ્થાનની વિગત ઉપરોક્ત સંતોને જણાવશો તેવી નમ્ર વિનંતી !




ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત સ્વરૂપોની કૃપાશિષથી
ઇંગ્લૅન્ડની ડૅન્હમ સ્થિત તપોભૂમિ બ્રહ્મજ્યોતિમાં
સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી
સંતો-અક્ષરમુક્તોની દિવ્ય પાવન સન્નિધિમાં
**॥ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર દશાબ્દી મહોત્સવ ॥**
અત્યંત ભક્તિભાવે ઉજવાશે.

આ મહોત્સવમાં મહાયજ્ઞ, પાટોત્સવ પૂજન,
યુરોપના સર્વ પ્રથમ હિન્દુ અંત્યેષ્ટિ સંસ્કારધામ-'ૐ'નાં મુક્તાર્પણ સાથે
વિવિધ કાર્યક્રમોનાં આયોજન થશે.
મહોત્સવ બાદ યુરોપયાત્રાનાં પણ ભવ્ય આયોજન થશે.

હે પરમ આત્મીય અક્ષરમુક્તો !
આવો... આપણે સૌ ભેગાં મળી આ મહોત્સવને અને
સંતભગવંત સાહેબજીનાં દિવ્ય યુગકાર્યને વધાવીએ !



ઉપાસના ધામ, અમદાવાદ મંદિરમાં અન્નકૂટ અર્ઘ્ય અર્પણ



ઉપાસના ધામ, સુરત મંદિરમાં અન્નકૂટ ભક્તિ અર્પણ



ઉપાસના ધામ, શિણાય-કચ્છ ખાતે અન્નકૂટ ભક્તિ અર્પણ



અમેરિકાના ઉપાસના ધામ, ફ્લોરિડા મંદિરમાં અન્નકૂટ ઉત્સવની ભક્તિભાવે ઉજવણી



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં શાકોત્સવ પ્રસંગે સાહેબજીનાં આશીર્દાન



ઉપાસના ધામ, વેમાર મંદિરે સંતોનાં સાંનિધ્યે શાકોત્સવ



ઉપાસના ધામ, સુરત મંદિરમાં શાકોત્સવની ભક્તિવંત ઉજવણી




અમેરિકાના એલનટાઉન મંદિરે શાકોત્સવ ભક્તિ અર્પણ



પપ્પાજી તીર્થ, ગાના ખાતે 'પપ્પાજી દિવ્ય પ્રકાશપર્વ'માં સાહેબજીનાં આશીર્દાન



તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર સભામાં યોગગુરુ સ્વામી પ.પૂ. રામદેવજીનાં આશીર્દાન



સુરત સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી પ.પૂ. વિશ્વવલ્લભ સ્વામીજીનાં સ્વાગત-અભિવાદન

|| સ્વામિશ્રીજી ||





# નિમંત્રણ

## પોષીપૂર્ણિમા ઉત્સવ

ભગવાન શ્રી સ્વામિનારાયણના ધામરૂપ
અનાદિ અક્ષરબ્રહ્મ
ગુણાતીતાનંદ સ્વામીજીના દીક્ષા પર્વે,
તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરીના
નૂતન મંદિરજીના પાટોત્સવ તથા
અનુપમ મિશનના વ્રતધારી સંતોની
અનુપમ વ્રતધારણ તિથિ અવસરે
ઉત્સવ આનંદના ત્રિવેણી સંગમને
સંતભગવંત સાહેબજીની દિવ્ય સંનિધિમાં માણવા
આપ પધારો તેવું ભાવભર્યું નિમંત્રણ છે.

**૧૩ જાન્યુઆરી ૨૦૨૫, સોમવાર**

★ સવારે ૯.૦૦ : શ્રી ઠાકોરજીનાં પાટોત્સવ પૂજન

★ સવારે ૧૦.30 : પોષીપૂર્ણિમા માહાત્મ્યસભા

**અનુપમ મિશન**

**શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ,**
**સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર**

બ્રહ્મજ્યોતિ, અનુપમ મિશન, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫

સભા અંતે શ્રી ઠાકોરજી મહારાજનો મહાપ્રસાદ સાથે માણીશું.

**Regd. News Paper / Air Mail / Book Post**

To,

Brahmanirzar Monthly R.N.I. New Delhi No.: 69476/86 * Po. Regd. No. AND/303/2024-26
* Date of Publication : 14th of each Month
* Date of Posting : 15th of each Month * Posted at: Vallabh Vidhyanagar Post Office
"Brahmanirzar" Monthly Postal Reg. No. RO - VDR/AND - 303 * Date of Dispatch : 15-12-2024 * Office of Origin : Vallabh vidhyanagar
Founder Editor : Shantibhai F. Patel * Editor : Sandipbhai R. Shah
Published by : Dilipbhai V. Desai on behalf of Anoopam Mission.* Published at : Mogri 388 345, Gujarat
Printed by : Pradip S. Giri * Printed at : Prizam Printers and Publishers Ltd., Amdavad 380 008

**<u>If Undelivered Please return to</u> :**
**Anoopam Mission, Brahmajyoti, Yogiji Marg, Mogri-388 345, Dist. Anand,**
**Gujarat, India * Phone : (02692) 230483, 230544**
**email : amindia@anoopam.org * website: www.anoopam.org**